Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૩૧ • તા. ૧ ઑગસ્ટ ૨૦૧૬ થી ૭ ઑગસ્ટ ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાં ની સમુહ પહેડી - નલિયા

સવંત ૨૦૭૨, અષાઢ સુદ - ૨(બીજ), બુધવાર તા. ૬-૭-૨૦૧૬



માતાજીનું સ્થાનક



તકતીનું અનાવરણ



મહાલક્ષ્મી હોલનું ઉદ્ઘાટન



પ્રભુજી ની પધરામણી



શ્રી નમીઉણ મહાપૂજન

















# શ્રી નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાં ની સમુહ પહેડી - નલિયા

સંવત ૨૦૭૨, અષાઢ સુદ - ૨(બીજ), બુધવાર તા. ૬-૭-૨૦૧૬




















॥ જય શ્રી અંબેમા ॥

# શ્રી નલિયા નાગડા ગોત્રના અંબેમાતાને નમતા ભાવિકોની સમૂહ પહેડીનો અહેવાલ

શ્રી નાગડા ગોત્રના ભાવિકો દ્વારા નલિયામાં **તા. ૪-૫-૬/૭/૨૦૧૬**ના ત્રણ દિવસીય પ્રોગ્રામો સાથે સમૂહ પહેડીનું ખૂબજ ઉસ્તાહ અને ઉમંગથી આયોજન થયું હતું. આ પ્રસંગે દેશાવરથી ૨૦૦ થી વધુ ભાવિકો આ પહેડી પ્રસંગ ઉજવવા પધારેલ હતા. આ પ્રસંગ ઉજવવા દર વર્ષ સતત વધારો થતો રહ્યો છે.

પહેલા દિવસે એટલે **તા. ૪-૭-૨૦૧૬**ના નવ નિર્મિત થયેલ ''મહાલક્ષ્મી હોલ''નું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ હતું. બહેનશ્રી સ્વ મહાલક્ષ્મી પદમશી નાગડાના અંતર ઇચ્છાથી આ હોલની જગ્યા નાગડા ગોત્રને ભેટ મળેલ. તે જગ્યા ઉપર ભાવિકોના અનુદાનથી તેના ઉપર નવા હોલનું નિર્માણ કરવામાં આવેલ છે. આ હોલના નિર્માણમાં સૌથી વધુ અનુદાન માતૃશ્રી ભારતીબેન થનેન્દ્ર નાગડા પરિવાર-(સેંધવા), માતુશ્રી વાલબાઈ મણિલાલ નાગડા (ધૂમ પરિવાર) હસ્તે કાનજીભાઈ, શ્રી હીરાચંદ માણેકજી નાગડા-જખૌ તથા અન્ય ભાવિકો તરફથી મળ્યું હતું.

મહાલક્ષ્મીના બહેન પુષ્પાબેન પદમશી નાગડાના વરદહસ્તે તક્તિનું અનાવરણ કરવામાં આવ્યું હતું. શ્રી કુસુમકાંત વર્ધમાન નાગડાએ રીબીન કાપી નાગડા ગોત્ર માટે હોલ ખુલ્લો મૂક્યો હતો. સૌ પ્રથમ નાગડા ગોત્રના ભાવિકો દ્વારા સ્નાત્ર પૂજા ભણાવવામાં આવી હતી.

બપોરે ૧૨.૩૯ વિજય મુર્હુતે શ્રી ગોવિંદજી આણંદજી નાગડા - તેરાવાલા હસ્તે જનકભાઈ જયંતીલાલ નાગડા પરિવાર દ્વારા શ્રી નમિઉણ પાર્શ્વ પૂજન શ્રી કેવલભાઈ શાહ અને સંગીતકાર શ્રી કિશોર સેંઘાર અને નિશા સંઘવીના સથવારે પૂજ્ય જયકીર્તિ મહારાજ સાહેબ અને પૂજ્ય હિતપ્રજ્ઞા મહારાજ સાહેબની નિશ્રામાં ભણાવવામાં આવ્યું હતું. આ પરિવાર દ્વારા સંપૂર્ણ નલિયાવાસીઓ સાથે સાધર્મિક ભક્તિરૂપે સાંજે ચોવીયારની વ્યવસ્થા કરવામાં આવી હતી. તે રાત્રે કિશોર સેંઘાર અને નિશા સંઘવીએ અવનવા ભક્તિ ગીતો રાજુ કરી મંત્રમુગ્ધ કર્યા હતા. તે રાત્રે આરતીનો ચડાવો માતૃશ્રી હિરાવંતીબેન રામજીભાઈ નાગડા હસ્તે રાજેશભાઈ વડોદરા પરિવારે લીધો હતો.

બીજા દિવસે એટલે **તા. ૫-૭-૨૦૧૬**ના સવારના શાસ્ત્રોક્ત વાસ્તુપૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું સર્વે ભાવિકોએ ભાગ લીધેલ હતો. બપોરે ૩.૩૦ કલાકે ભક્તિભાવથી માતાજીનું નિમાલ કરવામાં આવ્યું હતું. ઘણા ભાવિકો પ્રથમ વખત આ પવિત્ર વિધિમાં ભાગ લઈ પોતાને ધન્ય ગણ્યા હતા. નાગડા ગોત્રના ભાવિકોના મેળાવડામાં સર્વે પધારેલ ભાવિકોએ પોતાનો પરિચય - ઓળખાણ આપી હતી. નવા બંધાયેલા હોલના હિસાબો ચેતન લહેરચંદ નાગડાએ આપ્યા હતા. રાત્રે મહેશ અને જીગર ભાનુશાલી એન્ડ ઓરકેસ્ટ્રા પાર્ટી દ્વારા દાંડિયા રાસની રમઝટ જમાવવામાં આવી હતી. રાત્રે મોડે સુધી રમી ભક્તિ ભાવના કરી હતી.

ત્રીજા દિવસે એટલે **તા. ૬-૭-૨૦૧૬**ના (આષાઢી બીજ)ના સવારે ૯.૦૦ કલાકે સર્વે ભાવિકો પહેડી માટે ઉપસ્થિત થઈ ગયા હતા. સૌ પ્રથમ આ ચડાવાના લાભાર્થી અતિ ઉત્સાહપૂર્વક શ્રી માણેકજી કાનજી નાગડા (પટેલ) પરિવાર દ્વારા પહેડી પ્રસાદ અને ધ્વજા વાજતે ગાજતે લઈ માતાજીને ચડાવવામાં આવેલ હતા. માતાજી દ્વારા સર્વે ભાવિકોને આશીર્વાદ અને જુવાર મંજુર થયા છે એવો સંદેશો મળતા જયનાદથી આ પ્રસંગને વધાવવામાં આવ્યો હતો.

આ ત્રણ દિવસના પ્રોગ્રામનું જુગલ માણેકજી નાગડા, મહેશ ખીમજી નાગડા, મહેશ શામજી નાગડા, અલ્પેશ પદમશી નાગડા, ચેતન લહેરચંદ નાગડા, ઋષભ તેજપાલ નાગડા આદિના અથાગ મહેનતના પરિણામરૂપ સફળ આયોજન થયું હતું.

આ સાથે શ્રી નલિયા જૈન જ્ઞાતિ મહાજન, શ્રી નરશીનાથા ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી ચન્દ્રપ્રભ અતિથિગૃહ અને નલિયાવાસીઓ દ્વારા સંપૂર્ણ સહકાર મળ્યો હતો. પ્રતીક કેટર્સના ભીખુભાઈએ ત્રણેય દિવસ સુંદર ભોજન તથા મંડપ અને સાઉન્ડ માટે કિરણભાઈ મોતા, વિડિઓ ગ્રાફિંગ માટે ઋષભ નાગડા અને મનીષ મોમાયા દ્વારા સુંદર સહયોગ મળ્યો હતો. **નાગડા ગોત્ર પરિવાર સહુનો આભાર વ્યક્ત કરે છે.**

**નોટ :** નાગડા ગોત્રના નવી ટેલિફોન ડિરેક્ટરી બનાવવાની વિચારણા હોઈ આપણા પરિવારના મોબાઈલ નંબર અને પુરું નામ અને ગામ સાથે મો. 9820105078 પર **(ચેતન નાગડા)**ને વોટ્સઅપ મેસેજ કરવા વિનંતી કરવામાં આવે છે.

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 31/2016**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


## ચારિત્ર્ય હનન કરતો નનામો પત્ર – પ્રવિણ લોડાયા, વડોદરા

૨૧મી સદીમાં જ્યારે દુનિયા ચંદ્ર પર જઈ રહી છે, મંગળ પર જઈ રહી છે ત્યારે આપણા સમાજના લોકો હજી ૧૮મી સદીમાં જીવી રહ્યા છીએ તે જાણીને દુ:ખ થાય છે. ચંદ્રસેન મોમાયાએ ખરું લખ્યું છે કે આખા સમાજે ભેગા થઈને આવા પત્ર લખનારની ઝાટકણી કાઢવી જોઈએ.

જાહેર જીવનમાં કામ કરનાર દરેક સ્ત્રી પર જો આપણે આવી રીતે છાટાં ઉડાડંતા રહીશું તો નવી પેઢીની સ્ત્રીઓ કેવી રીતે આગળ આવશે ? લખનારની માનસિકતા એવી છે કે સ્ત્રીઓ હજી પણ રસોડા સંભાળે અને છોકરા જણે. તમને પણ કોઈક સ્ત્રીએ પેદા કર્યા છે એ વાત કેમ યાદ રહેતી નથી.

આજે ઘણી સ્ત્રીઓ કોર્પોરેટ ક્ષેત્રમાં ઉચ્ચ હોદ્દા પર સત્તારૂઢ છે. ઘણી રાજકીય ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. કળા, સાહિત્ય, પત્રકારત્વ અને શૈક્ષણિક ક્ષેત્રે પણ મહત્વનું યોગદાન આપી રહી છે.

પોલીસ કે સૈન્ય જેવાં પરંપરાગત રીતે પુરૂષોનાં ગણાતાં ક્ષેત્રોમાં પણ સ્ત્રીઓ પોતાની સફળ કારકિર્દી ઘડી રહી છે. ઈન્દ્રા નુથી, ચંદા કોચર, અરુંધતિ ભટ્ટાચાર્યા, સુનીતા વિલિયમ્સ, બરખા દત્ત, પન્ના મોમાયા જેવી સફળ સ્ત્રીઓના જ્વલંત ઉદાહરણ આપણી પાસે છે.

શું આ બધી સ્ત્રીઓનું ચારિત્ર્ય હલકું છે ? શું તમારી મસ્તી, તમારી મજાક, તમારી કમ અક્કલી, તમારી હલકી સમજ ક.દ.ઓ. જેવા આગળ પડતા સમાજે , ફોરવર્ડ સમાજે સહન કરી લેવાની ? તમારી ડરપોક મનોવૃત્તિ અને વિકૃત માંદલા માનસથી સમસ્ત જ્ઞાતિનું માથું શરમથી ઝુકી જાય છે. તમારા જેવું માનસ હજી આપણા દેશમાંથી પણ ગયું નથી અમે મને લાગે છે.

કારકિર્દીની ટોચ પર બેઠેલી સ્ત્રીઓને જોઈને સહજ એવી લાગણી થાય કે હવે સ્ત્રીઓ કોઈ બાબતમાં પુરુષો કરતાં પાછળ નથી. આધુનિક વસ્ત્રો ધારણ કરીને શહેરી રસ્તાઓ પર મુક્તપણે વાહન ચલાવતી બહેનોને જોઇને એવી દલીલ થાય છે કે હવે જમાનો બદલાઈ ગયો છે. આ વાત મદદ અંશે સાચી પણ છે. સમાજ ચોક્કસ બદલાઈ રહ્યો છે.

સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, સ્ત્રીઓ હવે ઘરની ચાર દીવાલોમાંથી બહાર આવતી થઈ છે, ઘરની બહાર કામ કરતી થઈ છે અને જાહેર જીવનમાં ભાગ પણ લઈ રહી છે. એક નાનકડા ચોક્કસ વર્ગમાં સ્ત્રીઓને પોતાની કીરકિર્દી પસંદ કરવાની અને ઘડવાની મોકળાશ પણ મળી રહી છે.

ઉપરથી મનોરમ્ય લાગતું આ ચિત્ર દુર્ભાગ્યે સમસ્ત સમાજનું પ્રતિબિંબ નથી, તે આ નનામા પત્રથી દેખાઈ આવે છે. થોડીક પોપડી ઉખેડીએ એટલે સ્ત્રીઓને નડતી અનેકવિધ વિષમતાઓ ઉભરાઈને સામે આવે. મોટા ભાગની સ્ત્રીઓને મળતી મોકળાશનો વ્યાપ મર્યાદિત છે, એ સમજવા માટે કોઈ ઊંડા અભ્યાસની જરૂર નથી.

થોડી સંવેદનશીલતા સાથે તપાસ કરતાં દેખાઈ આવે કે સ્ત્રીઓને મુક્ત વિકાસમાં ક્યારેક સંસ્કૃતિ અને રૂઢીરિવાજો, તો ક્યારેક આર્થિક મર્યાદા નડે છે. વળી સલામતીનો પ્રશ્ન તો દિનબદિન વકરતો જ જાય છે, જેને કારણે સ્ત્રીઓની સ્વતંત્રતા પર ઘણા અંકુશ મુકાયા છે.

કઈ રીતે ઉઠવું, કઈ રીતે ચાલવું, કઈ રીતે બોલવું, કેટલા વાગ્યે ઘરે આવી જવું, કોની સાથે દોસ્તી કરવી વગેરે પર સીધી કે આડકતરી રીતે ઘણી સામાજિક પાંબદીઓ આજે પણ છે. એટલે સાચા અર્થમાં મુક્ત માનવ બનીને જીવનની સ્વંતત્રતા ગણીગાંઠી સ્ત્રીઓને જ પ્રાપ્ત થાય છે.

જાતીય સતામણીના વધતા જતા કિસ્સાથી સ્ત્રીઓ જાહેર જીવનમાં ભાગ લેતા ખચકાય છે. ઘરની અંદર પણ તે ક્યાં સુરક્ષિત છે ? ઘરેલું હિંસાના ખબર સમાજના દરેક વર્ગમાંથી સાંભળવા મળે છે. ઘરકામની જવાબદારીમાં પુરુષોની ભાગીદારી નહીંવત જ રહી છે.

સ્ત્રી-પુરુષના વિષમતાના મૂળમાં પિતૃસત્તાક સામાજિક માળખું છે, જે સમાજનાં મુલ્યો ઘડે છે. સ્ત્રી અને પુરુષ બન્નેની વિચારસરણીના પાયામાં આ જ મુલ્યો છે.

સ્ત્રીઓને કામ કરવાની છૂટ ખરી પણ ઘર, વર અને બાળકને સંભાળ્યા પછી જો સમય અને શક્તિ બચે તો. કારકિર્દી ઘડવાની છૂટ ખરી પણ કામના કલાકો અને ભારણ જેમાં ઓછાં હોય એવા ક્ષેત્રોને પસંદગી પહેલી આપવાની.

પોતાનો ધંધો શરૂ કરવો હોય તો ૧૧ થી ૫ જેટલું ગોઠવાય એટલું કરવું. આપણી માતા, કાકી, મામી કે ભાભીને બેવડી-ત્રેવડી જવાબદારી નિભાવતાં જોતાં આવ્યા હોઈએ એટલે જાણ્યે અજાણ્યે કારકિર્દીની પસંદગી એ જ મુલ્યો દ્વારા ઘડાતી જાય.

મહત્વાકાંક્ષી હોવું એ પુરુષો માટે અકસ્યામત ગણાય, જ્યારે સ્ત્રીઓ માટે નબળાઈ ! જે થોડી ઘણી સ્ત્રીઓને પોતાના સપનાને સાકાર કરવા જરૂરી કૌંટુબિક વાતાવરણ મળી રહે છે તે નસીબદાર ગણાય. બાકી મહત્વાકાંક્ષી સ્ત્રીને વિલન ચિતરવામાં સમાજ પાછું વળીને જોતો નથી.

એવી ઘણી વિદ્યાર્થીનીઓ જોઈ છે, જે બુધ્ધિમાન હોય, મહેનતુ હોય અને તેમનામાં પૂરી નિષ્ઠાથી કામ કરવાની ક્ષમતા હોય, પણ પોતાની કારકિર્દીની પસંદગી તેમના હાથમાં નથી હોતી. એ તેમના ભાવિ પતિના વિચાર અને સમજણ પર નિર્ધારિત હોય છે.

વિડમ્બના એવી છે કે પોતાની પ્રતિભા અને ક્ષમતાથી વાકેફ હોવા છતાં પોતાના જ જીવનના નિર્ણયો પોતાના હાથમાં નહીં. એની હતાશા અંગે આપ્તજનોમાં સંદેવનશીલતાનો અભાવ હોય અને સમાજ ઉદાસીન !

એણે આ જ વાસ્તવિકતા સ્વીકારીને જીવવાનું કારણ કે જો આમ ના કરે તો સંઘર્ષ થાય અને તે પણ પોતાનાં જ સ્વજનો સાથે.

સામાજિક મુલ્યો અને સમજ રાતોરાત બદલાતાં નથી. સ્ત્રીઓને સમાન તકો મળે, સમાન દરજજો મળે, સમાન અધિકાર મળે તે માટે પુરુષપ્રધાન વ્યવસ્થાને પાયામાંથી બદલવી પડે અને તેને 'માનવપ્રધાન' બનાવવાની દિશામાં દોરવી પડે. પરિવર્તન ધીમે ધીમે થશે પણ અશક્ય નથી. સ્ત્રી સમાનતાની મંઝીલ હજુ લાંબી છે.

ચંદ્રસેનભાઈ બરાબર લખે છે કે આશા રાખીએ નનામા પત્ર લખનાર અને તેમાંથી ટેસડા લેનાર બન્ને પોતાના હલકા વેરભાવ અને મનોરંજન વૃત્તિથી સમાજ જીવન પર શું અસર પડે છે એ વાત ધ્યાનમાં રાખી કોઈ વિશેષ પરિસ્થિતિ સિવાય બેધારી આ હથિયારનો ઉપયોગ ન કરવાનો સંકલ્પ કરે.

▪ ▪ ▪ ▪ ▪

**ચારિત્ર હનન પાછળ રાજકારણ ?** ડોંબિવલીના કેટલાક જાણકાર જ્ઞાતિજનો પાસેથી જાણવા મળ્યું કે મહિલા આગેવાન અંગે અશ્લીલ નનામા પત્ર પાછળ મંડળનું રાજકારણ હોવાની શક્યતા છે. એ તે એથીય વધુ ખેદજનક છે. **- ચંદ્રસેન મોમાયા**

સ્થળ સંકોચને કારણે આ અંકમાં પાસ થયા અભિનંદનની કૉલમ ગેરહાજર છે, આવતા અંકે જરૂર પ્રસિધ્ધ થશે.


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | |

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

# અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઇચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

**પ્રશ્ન – દેરાસરમાં કેલેન્ડર લગાડી શકાય ?**

**ઉત્તર –** દેરાસર એક પ્રભુ પૂજા ભક્તિ આરાધનાનું પવિત્ર સ્થાન છે. આ સ્થાનમાં પવિત્રતાની વૃદ્ધિ કરનાર અને સાધકને સાધનામાં સહાયક બને એવી જ વસ્તુઓને સ્થાન આપવું જોઈએ. જે વસ્તુઓ ઉપર દૃષ્ટિ પડતાં પ્રભુના ગુણગાન ભુલાઈ જાય અને અન્ય વિચારો મનનો કબ્જો જમાવે એવી વસ્તુઓ રાખવી અયોગ્ય છે. વિશેષ વિચારતા એમ લાગે છે કે દેરાસરમાં કેલેન્ડરનું કોઈ કામ પણ નથી. દેરાસરમાં તિથિ જોવા કે પચ્ચક્ખાણ આદિ માટે આવશ્યક હોય તો પંચાગ રાખી શકાય.

**પ્રશ્ન – દેરાસરમાં ઘડીયાળ રાખી શકાય ?**

ઉત્તર : દેરાસરમાં ઉપરોક્ત કારણથી ઘડીયાળ પણ રાખવી યોગ્ય નથી. જ્યાં અતિ આવશ્યક લાગે તો દેરાસરની બહાર લગાડીએ તો જેને જરૂર હોય તે જોઈ શકે. દેરાસરમાં ઘડીયાળ લગાડવાથી કોઈ દર્શન પૂજામાં ઉતાવળ કરે તો દોષના ભાગીદાર બનીએ. વારંવાર ઘડીયાળ ઉપર નજર જવાથી મન ચંચળ બને અને આરાધનામાં સ્થિરતા ન રહે. માટે ઘડિયાળ દેરાસરની બહાર લગાડવી વધારે યોગ્ય છે.

**પ્રશ્ન – અતિ ગરમીથી બચવા અને શાંતિપૂર્વક પૂજા ભક્તિ કરવા દેરાસરમાં એ.સી., કુલર કે પંખાઓનો ઉપયોગ કરી શકાય ?**

**ઉત્તર –** જિનની આરાધનાનું સ્થાન તે જિનાલય છે. જિન એટલે પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મનને જીતે તે જિન છે. આવા જિનની આરાધના કરનાર સહનશક્તિને કેળવનાર હોય છે.


## કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએશન : સામાજિક સુરક્ષા યોજના

**૨૭-૨૭ વર્ષથી પ્રવૃત જ્ઞાતિ માટે સ્વાર્થ સાથે પરમાર્થની યોજના**

અત્યાર સુધી ૧૦૩૦૫ જ્ઞાતિજનો આ યોજનામાં જોડાયા છે. ૩૦૮ મેમ્બરો સભ્યપદ દરમ્યાન અવસાન પામતા તેમને કોમ્પેનસેશન ચુકવાયું છે. ૨૫૯૦ સભ્યો ૫૫ વર્ષની વયે રીટાયર્ડ થતા પાત્ર બોનસ સહીત ડીપોઝીટ પરત કરાઈ છે.

૦ થી ૫૩ વર્ષની વયના જ્ઞાતિજનો ફક્ત એક જ વખત રૂા. ૨૦૦૦/- ડીપોઝીટ તથા રૂા. ૨૦૦/- સભ્ય ફી ભરી મેમ્બર થઈ શકે છે. ૫૫ વર્ષની વય પહેલા સભ્યના કુદરતી અવસાને વારસદારને રૂા. ૭૫,૦૦૦/- અપાય છે અને અકસ્માતે અવસાનમાં વધારાના રૂા. ૭૫,૦૦૦/- અપાય છે. અથવા ૫૫ વર્ષની વય બાદ સભ્યને ડીપોઝીટની રકમ મેમ્બરશીપ રીટાયર્ડ અનુસાર બોનસ સાથે પરત કરાય છે.

**ફોર્મ તથા માહિતી માટે સંપર્ક**

**E-mail : kdosss@yahoo.in • વોટસ્ એપ : 87677 53082 (દીપક ડાઘા)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| દીપક ગંગાજર ડાઘા | મુલુંડ | 089760 17830 | નીતીન પદમશી ડાઘા | ડોંબિવલી | 090043 91412 |
| કાંતીલાલ લખમશી વિકમશી | મુલુંડ | 098330 68881 | વીરચંદ ચાંપશી શાહ | મુલુંડ | 098200 82475 |
| કિશોર ગોવિંદજી કાયાણી | મુલુંડ | 099201 95551 | ફાલ્ગુન લખમશી ખોના | ભાંડૂપ | 098206 20499 |
| અજિત માલશી લોડાયા | મુલુંડ | 098697 31912 | શરદ હેમરાજ મોમાયા | હુબલી | 094481 16002 |
| હસમુખ લક્ષ્મીચંદ ધરમશી | મુલુંડ | 098926 67896 | પદમકુમાર ધનજી નાગડા | હુબલી | 088925 52607 |
| પરેશ માણેકજી દંડ | મુલુંડ | 098201 72499 | ચેતન ગોવિંદજી નાગડા | અમદાવાદ | 098258 70980 |
| રમેશ હીરજી લોડાયા | ડોંબિવલી | 098920 03940 | ચીમનલાલ મુલજી શિયાલ | સાયન | 098700 00566 |

***સંસ્થાની જનરલ બોડીની ૨૭મી સામાન્ય સભા રવિવાર, તા. ૨૧.૮.૨૦૧૬ ના બપોરે ૩.૩૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હૉલ (દેવપુંજ), મુલુંડ ખાતે રાખવામાં આવી છે. જનરલ બોડીના સભ્યોને મીટીંગની નોટીસ, ઓડીટેડ એકાઉન્ટસ્, ઓડીટ રીપોર્ટ વગેરેનો પરિપત્ર મોકલવામાં આવ્યો છે.***

॥ શ્રી સર્વોદય પાર્શ્વનાથાય નમઃ ॥

# મહારાષ્ટ્ર રાજ્યે
# આમ્બા ઘાટે–જૈન ફાર્મહાઉસ મધ્યે

અધ્યાત્મ સાધનાલક્ષી ચાતુર્માસાર્થે બિરાજમાન

ગચ્છગૌરવ, જ્યોતિષાચાર્ય પ.પૂ. ગુરુદેવશ્રી **સર્વોદયસાગરજી** મ.સા.,


ધ્યાન–યોગી પ.પૂ. મુનિશ્રી **ઉદયરત્નસાગરજી** મ.સા.,

ઓજસ્વી પ્રવચનકાર, આગમ વિશારદ પૂ. મુનિશ્રી **ગુણવલ્લભસાગરજી** મ.સા.

આદી ઠાણા ૩



ધ્યાન યોગી – પ.પૂ. મુનિશ્રી **ઉદયરત્નસાગરજી** મ.સા.



ગચ્છ ગૌરવ, પ.પૂ. ગુરુદેવશ્રી **સર્વોદયસાગરજી** મ.સા.



ઓજસ્વી પ્રવચનકાર, આગમ વિશારદ પૂ. મૂનિશ્રી **ગુણવલ્લભસાગરજી** મ.સા.

## ચાતુર્માસના ચમકારા

### : પ્રવેશ :

ભારત ભરનાં વિવિધ રાજ્યોથી ગુરૂભક્તો પધાર્યા,
૨૦૦૦ની વસ્તીવાળા સંપૂર્ણ ચાંદોલી ગામનું સ્વામીવાત્સલ્ય (ધુઆબંધ જમણવાર) થયેલ,
ગુરૂપુજન – આગમ અર્પણ આદીની ઉછામણી – રૂ. ૩ લાખ થયા,
૧ કીલો ચાંદીથી સંઘપતિનું બહુમાન પૂજ્યશ્રીનાં સંસારી પરિવારજનો (થાણા) એ કર્યું,
સર્વ ભક્તોનું રૂા. ૧૦૦ -૧૦૦ નું સંઘપુજન થયું.

### : ગુરૂ પૂર્ણિમા મહોત્સવ :

૧૬ શહરોથી ગુરૂભક્તો પધાર્યા, જીવનમાં ગુરૂની આવશ્યકતા શા માટે ? એની મહત્તા સમજાઈ.
ગુરૂપૂજનાદીના રૂા. ૨ લાખના ચડાવા થયા.
વિવિધ વક્તાંઓનું વક્તવ્ય આકર્ષક રહ્યું. ૬૮ વ્યક્તિઓને ગુરૂમંત્ર પ્રદાન થયો.
૧૦૮ પરિવારોને વસ્ત્રદાન અપાયું. ગુરૂદેવનાં ફોટોવાળી સિલ્વર પેનની દરેકને પ્રભાવના થઈ.

### : ગુરૂ જન્મોત્સવ (અવતરણ દિન) :

૨૦ શહેરોથી ગુરૂભક્તો આવ્યા, પરોપકારી પૂજ્યશ્રીનાં આનંદપર્વને ઉજવવા.
સર્વોદય એવોર્ડ – ૨૦૧૬ અપાયો. માળા આદિનાં ૨.૫ લાખના ચડાવા થયા.
સ્કુલનાં તમામ બાળકોને સ્ટેશનરી નું વિતરણ થયું કેસરનાં ગુરૂચરણ પાદુકાઓ અર્પણ થયાં.
કાર્યક્રમોનું શિસ્તબધ્ધ–અદ્‌ભૂત આયોજન (મેનેજમેન્ટ) સર્વના આકર્ષણનું કેન્દ્રબિંદુ રહ્યું,
જે આશ્ચર્યચકિત કરનાર હતું.

## Now Next Opportunity

| | |
|---|---|
| ૫૦ આરાધકો સાથે સામુહિક પર્યુષણ પર્વની ઉજવણી | ૫૦ આરાધકો સાથે આયંબિલની ઓળી |
| ૫૦ આરાધકો સાથે ૨ દિવસીય દિવાળી ઉત્તરાધ્યાયન સૂત્ર વાંચન | ૫૦ આરાધકો સાથે સાપ્તાહિક મનઃશાંતિ ધ્યાન શિબિર તા. ૭ નવેમ્બર થી ૧૨ નવેમ્બર |

**માથેરાન અને મહાબળેશ્વરને પાછળ પાડી દે એવા અદ્‌ભૂત નિસર્ગરમ્ય માહોલ કે જયાં ૧૧૦% ઓક્સીજન છે અને એકવાગાર્ડ–બિસલેરીથી પણ વધારે શુદ્ધ – નૈસર્ગિક પાણી, એવા સ્થાનમાં, આધ્યાત્મિક સાનિદધ્યમાં રહેવા – આરાધના કરવા આપને હાર્દિક આમંત્રણ છે.**

**વિશેષ સૂચના :** પર્યુષણપર્વ પછી સંઘો – મહાજનો – મંડળો – ગ્રુપોએ અત્રે સ્વર્ગ જેવા સ્થાનમાં બિરાજમાન ગુરૂદેવનાં દર્શન–વંદનાર્થે ચૈત્યપરિપાટી રૂપે જરૂર પધારી લાભ લેશો, અત્રે સાવ નજીકમાં જ પન્હાળા જૈન તીર્થ, સિરોલી સીમંધર ધામ, કળશ મંદિર, કુંભોજગીરી તીર્થ (૧૦૮ પાર્શ્વનાથમાંનાં એક) છે, અત્રે તમામ પ્રકારની વ્યવસ્થાઓ છે.

**: વિશેષ માહિતી માટે સંપર્ક :**
**સંદિપભાઈ - ૯૪૨૨૦ ૨૯૪૪૦, રાહુલભાઈ - ૮૮૮૮૬ ૨૬૬૭૭**

॥ ઉદયો ભવતુ સર્વેષામ્ ॥

**નિમંત્રક : શ્રી સર્વોદય સાધના સમર્પણ સમિતિ**

BINITA S. MARU - 9869034162

મારા પ્રભુજીએ કેવા કેવા ઉપસર્ગો અને પરિષહો સહ્યા છે ? કેવી કેવી અનુકુળતા અને પ્રતિકુળતામાં સમતા કેળવી છે ? મારે પરમાત્મા જેવા બનવું છે. પરમાત્માનો વારસદાર કાયર ન હોય... એ તો શુરવીર હોય. વિતરાગનો સેવક અનુકુળતાનો રાગી અને પ્રતિકુળતાનો દ્વેષી ન હોય. એ તો અનુકુળતા અને પ્રતિકુળતામાં પોતાની સહનશીલતા વધારનાર હોય. દેવાધિદેવની ભક્તિ દ્વારા એ કર્મ ખપાવે, નવા કર્મ બાંધવાનો કોઈ વિચાર એને સ્પર્શી પણ ન શકે. જિનરાજનો સાચો ભક્ત તો ઘરમાં પણ એ.સી., કુલરનો વિચાર ન કરે તો જિનાલયમાં કેવી રીતે કરી શકે ?

આપણે પોતાની જાતને પ્રતિકુળતામાં પણ ધર્મ કરવાના અભ્યાસી બનાવવાનો પુરૂષાર્થ આદરવાનો છે. આ અભ્યાસજ આપણને અદ્ભૂત સમતાના સ્વામિ બનાવશે. એ.સી., કુલર વિગેરે વિદ્યુત (વીજળી) વગર ચાલતા નથી. વપરાય ત્યારે પણ પાણી અને હવાના જીવોની ઘાત કરે છે. તેથી આપણે આવા હિંસક સાધનોનો ઉપયોગ સર્વત્ર ટાળવાનો છે. તેથી જિનાલયાદિમાં પૂજા ભક્તિ શાંતિથી થાય એ બહાના હેઠળ એ.સી., કુલર લગાડવાની વાતને સંદતર ભૂલી જઈ સખત ગર્મીમાં પણ પોતાની સમાધિ અને સાધના ટકાવવા માટેનો પ્રચંડ પુરુષાર્થ કરવાનો છે. ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પોતાની સમાધિ અને સ્થિરતા ટકાવવી અને અનુકુળતાની અપેક્ષા ન રાખવી એ પણ એક પ્રચંડ સાધના છે. આવી સાધનાના સ્વામિ બનવા માટેનો પ્રયાસ કરી સફળતા પામીએ.

**પ્રશ્ન – ભગવાનની પલાઠીની નીચે મધ્યમાં ભગવાનનું જે લંછન હોય છે. એ લંછનની પૂજા થાય ?**

**ઉત્તર** – ભગવાનની પલાઠીની નીચે મધ્યમાં ભગવાનનું જે લંછન હોય છે તે આ ભગવાન ક્યા છે એની ઓળખાણ માટે હોય છે. એની પૂજાનો કોઈ વિધી નથી. એની પૂજા કરવાથી ચંદનના તિલકોના કારણ આ ક્યુ લંછન છે અને આ ક્યા ભગવાન છે તે ઓળખી શકાતું નથી તેથી લંછનની પૂજા કરવાની નથી.

**પ્રશ્ન – સામાયિકમાં અડતાલીસ મિનિટથી વધારે સમય થાય તો દોષ લાગે ?**

**ઉત્તર** – સામાયિકમાં અડતાલીસ મિનિટ થયાનો ઉપયોગ રાખીએ અને વધુ સમય થાય તો કોઈ દોષ લાગતો નથી. વ્યાખ્યાન કે પ્રતિક્રમણની વચ્ચે સામાયિક પાળી પણ ન શકાય અને બીજું સામાયિક લઈ પણ ન શકાય. આવા સમયે સામાયિક પૂર્ણ થયાનો ઉપયોગ રાખી ક્રિયા પૂર્ણ થયા પછી પારવાની વિધિ કરવાની છે. એમાં દોષની સંભાવના નથી.

## શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ

પરજાઉ દેરાસર, મુ. પરજાઉ. પો. જખૌ, તા. અબડાસા, પીન – ૩૭૦૬૪૦

**ઉપરોક્ત ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા તા. ૦૭-૦૮-૨૦૧૬ રવિવારના નીચેના સ્થળે બપોરે ૩.૦૦ કલાકે મળશે.**

**પરજાઉના ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોને હાજરી આપવા વિનંતી.**

**સભા સ્થળ : શ્રી વીરજી જીવરાજ મેપાણી હૉલ, દેવપુંજ, કસ્તુરબા માર્ગ, મુલુન્ડ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૮૦.**

**કાર્યવાહી**

૧. ગત સભાની મિનિટસ્નું વાંચન તથા બહાલી.
૨. નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬નાં હિસાબોની રજૂઆત.
૩. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે ઑડિટર્સની નિમણુંક.
૪. નૂતન વિવિધ બક્ષી હૉલ તેમજ ઉપાશ્રયના બાંધકામનો અહેવાલ ને ઉપાશ્રયના બે રૂમોના દાતાના નકરા નક્કી કરી આદેશ આપવો.
૫. નવા ટ્રસ્ટ બોર્ડનું ગઠન.
૬. સ્થાનિક મિલકતો બાબત ચર્ચા.
૭. પ્રમુખશ્રીની સંમતિથી રજુઆત અને નિર્ણયો.

**તા. ક. :**

૧) શ્રી વર્તમાન ટ્રસ્ટ બોર્ડની મુદત પુરી થઈ ગયેલ હોવાથી નવા ટ્રસ્ટ બોર્ડનું ગઠન કરવું અનિવાર્ય બન્યું છે. જે સભ્યોને નૂતન ટ્રસ્ટ બોર્ડમાં જોડાવવાની ઈચ્છા હોય તેમણે પોતાનો ઈચ્છાપત્ર સ્વ હસ્તે લખી ઉપરોક્ત સભામાં લાવવું અથવા શ્રી ટ્રસ્ટ બોર્ડના કાર્યાલયે સભાના દિવસ પહેલા પહોંચાડવું.
૨) આ સભામાં નૂતન ઉપાશ્રયમાં બે રૂમોના દાતાઓનો આદેશ આપવાનો છે. ઈચ્છૂક દાતાએ શ્રી પ્રમુખશ્રીનો સંપર્ક સાધવો.
૩) કોરમને અભાવે મુલત્વી રહેલી સભા તેજ દિવસે તેજ સ્થળે અડધા કલાક બાદ મળશે. જેમાં કોરમની જરૂર નહીં રહે.

લિ. **શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડસ્ના ટ્રસ્ટીઓ વતી**

**શ્રી ગુલાબભાઈ ધનજી દંડના જય જિનેન્દ્ર** (પ્રમુખશ્રી)

## સ્ત્રીનું 'સેટલ' થવું એટલે શું?

હમણાં એક ટીવી ચેનલમાં સાનિયા મિર્ઝાની મુલાકાત જોઈ. એમાં એન્કરે સાનિયાને સવાલ પૂછ્યો કે, હવે સેટલ ક્યારે થવું છે? ક્યાં થવું છે? પાકિસ્તાનમાં કે ભારતમાં?

સાનિયા આ સવાલ સાંભળી થોડી ગુસ્સે થઈ. એણે કહ્યું કે મારું સેટલ થવું એટલે શું બાળકને જન્મ આપવો એ જ ગણાય? મારી ટેનિસની કારકિર્દીમાં હું શું સેટલ નથી? એ વિષે તમે કેમ પૂછતા નથી? એમાં હું નંબર વન બનેલી એ પૂરતું નથી. દરેક સ્ત્રીને આ જ રીતે સેટલ થવાનું?




સાનિયાના આ વાજબી ગુસ્સા બાદ એન્કરે સ્વીકાર્યું કે મારો મતલબ એ નહોતો સોરી. કોઈપણ ક્ષેત્રમાં સફળ સ્ત્રીને આવા સવાલો પૂછવામાં આવે છે. એ જે ક્ષેત્રમાં સફળ થઈ હોય એ વિશે વાત તો થાય, પણ આખરે તો વાત સેટલ થવા સુધી આવે જ છે. શું સ્ત્રી બાળક પેદા કરે ત્યારે સંપૂર્ણ ગણાય?

આ માનસિકતા ક્યારે બદલાશે? અને આ વાત પુરુષોમાં જ નહીં, પણ સ્ત્રીઓમાં પણ છે. સામાન્ય ઘરમાં લગ્ન થઈ જાય પછી એકાદ બે વર્ષ થાય ત્યારે ઘરનો લોકો પૂછવા લાગે છે કે પારણું ક્યારે બંધાશે? અમે દાદા-દાદી કે નાના-નાની ક્યારે બનશું? માતા બનવું એ બહુ મોટી સિદ્ધિ છે. મોટું ગૌરવ છે અને એ વરદાન સ્ત્રીને જ મળ્યું છે, પણ માતા બનવું એ જ સર્વસ્વ છે એમ શા માટે માનવું? વળી, માતા બને એટલે સફળ સ્ત્રીની કારકિર્દી પર ફૂલસ્ટોપ મુકાવા લાગે છે. અરે! કોઈ હીરોઈન ગર્ભવતી થઈ હોય તો એની ફિલ્મ રિલીઝ ન થાય ત્યાં સુધી એ વાત છુપાવવામાં આવે છે. કરીના કપૂર માતા બનવાની છે એ વાત ઘણા સમય સુધી છુપાવવામાં આવી. હવે એ વાત જાહેર થઈ છે તો એના પર ચર્ચા ચાલે છે.

ઘણી સ્ત્રીઓ મા બન્યા પછી બ્રેક લે છે અને બાળક મોટું થઈ જાય પછી ફરી પોતાની કારકિર્દી આગળ વધારે છે, પણ એને મા બન્યા પહેલાં જ રિસ્પોન્સ મળવો જોઈએ એ મળતો નથી. ફિલ્મી દુનિયામાં આ વાત બરાબર લાગુ પડે છે. માધુરી દીક્ષિતથી એશ્વર્યા રાય સુધીના દાખલા આપણી સામે છે. એ માતા બન્યા બાદ બૉલીવૂડમાં પાછી ફરી છે, પણ એમને પહેલા જેવી ફિલ્મો મળતી નથી. હા એ હવે ઝાડ ફરતે ગીતો ગાઈ ન શકે એ વાત સમજ્યા પણ એને સારી ભૂમિકા ઑફર કેમ ન થાય? દર્શકો પણ અભિનેત્રી માતા બની જાય અને એ પાછી ફરે તો એને દિલથી સ્વીકારતા નથી.


અરે ! અહીં તો સગાઈ થાય ત્યાં જ વાતો થવા લાગે છે. હોકી ખેલાડી રાની સાથે શું થયું? એની સગાઈ થઈ એટલે કોચ દ્વારા એના દેખાવ પર સવાલો ખડા કરી દેવાયા. આખરે એ ઓલિમ્પિક ટીમ માટે પસંદ જ ન થઈ. શું સગાઈ કે લગ્ન થાય કે સ્ત્રી માતા બને એટલે એની શક્તિઓ ખૂટી પડે છે કે પછી એના દેખાવ પર એની અસર થાય છે? મેરી કોમનો કિસ્સો આપણી સામે છે. લગ્ન કર્યા બાદ એ રિંગમાં પાછી ઊતરી હતી અને સફળ રહી હતી.

આપણે આપણી માનસિકતા બદલવાની જરૂર છે. સ્ત્રી માતા બને તો જ એનું જીવન સફળ છે એવું માનવું વધુ પડતું છે. માતા ક્યારે બનવું એનો નિર્ણય એના પર છોડવો જોઈએ. અને સ્ત્રી માતા બને કે ન બને એની કારકિર્દીને એની સાથે શી લેવા દેવા? શું સ્ત્રીએ કારકિર્દી છોડી આખરે ગૃહિણી જ બની જવાનું છે. એના પોતાના અસ્તિત્વનું શું?

ચક દે ઈન્ડિયામાં હોકી ટીમની ખેલાડી વર્લ્ડ કપ જીત્યા બાદ પાછી ફરે છે અને ભારતીય ક્રિકેટ ટીમનો વાઈસ કેપ્ટન એની ફિયાન્સ છે અને એ એને પ્રપોઝ કરે છે ત્યારે પેલી ના પાડે છે અને કહે છે આપણે બેમાં હું હતી જ નહીં. તું જ હતો હવે હું છું. માતા બનવા સિવાય પણ સ્ત્રી ઘણું કરી શકે છે એવું આપણે સ્વીકારતા ક્યારે થઈશું.

**- કોમલ મહેતા**

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ
Iris Banquette
Ideal For :
• ENGAGEMENT
• WEDDING
• BABY SHOWER
• CONFERENCE
• GET TOGETHER
• MEETING - SEMINAR &
• ALL JOYOUS OCCASION
• સગપણ વિધિ
• લગ્નોત્સવ
• શ્રીમંત પ્રસંગ
• કોન્ફરન્સ
• ગેટટુગેધર
• મિટીંગ - સેમિનાર
બધા શુભપ્રસંગો માટે આદર્શ
Contact: Arvind Dand (Bayath) - 9892036390
Jayesh Dagha (Varadiya)-9702144031 / 25905257 / 67988758
Add.: Purshottam Kheraj Estate, Dr. Rajendra Prasad Road, Near Gyan Sarita School, Mulund (W), Mumbai - 80.
આપના શુભ પ્રસંગની બધી વ્યવસ્થા આત્મીયતાભાવે સોંપી જવાબદારી મુક્ત થઈ પ્રસંગ માણો

# KUTCH DEVELOPMENT ORGANISATION – HOPE 1000

Calcuttawala Building, 1st Floor, 137/141- Samuel Street, Masjid Bunder, Mumbai – 400009.

Mumbai – 27-07-2016

Dear Allottee,

In the year 1994, with a socio- economic and philanthropic objectives of providing affordable flats/ residences to the KDO Jain brothers and sisters in a gated community with many facilities, including a Primary School, a Day care hospital, Gym, Club and Health House, Gruh Udyog etc., Sixteen well meaning and economically well placed KDOs from Mumbai formed an Association in the name of Kutch Development Organisation – HOPE – 1000 and entered in to property development agreement for about 16 Acres of land located at Sonarpada /Maan Gaaon, Dombivli. Using Land as a resource, 115 needy & generous KDO Investors were promised allotment rights in land admeasuring about 2250 Sq. Ft. on the stipulated full payment. After obtaining clearances of urban land ceiling and Green Belt and conversion of the land in to Non- agriculture, it got the lay out plan approved. Compound wall was constructed along the boundaries of the property. Dug a bore well. But couldn't commence the work as the local residents of 27 villages wanted the said area to be in corporation and subsequently out of corporation. The planning authority was non-existent for almost two decades due to such disputes. DTPs were changed. New reservations and roads were introduced in our land. Still they are in limbo.

Further, as there are absolutely no funds with the Organisation, the members of the working committee are paying salaries and wages to the staff and incurring other expenses from their personal funds.

Recently there was an attempt to take possession of the property by the erstwhile owners. After lot of efforts, police action and spending personal money of few KDOs who have no interest in the property except the larger benefit likely to accrue to the lower sections of the community, the property has been repossessed.

In the general body meeting held at Matunga, Mumbai it was unanimously decided that 70% ( which was much higher % than their entitlement) of the total land or development rights or the FSI will be allotted or earmarked for all the allottees in proportion to the amounts of money paid by them on that date and the balance 30% of the total land or development rights or FSI will be used for the benefit of housing the economically weaker brothers and sisters of the KDO Community.

However, recently few of the allottees have claimed in a public forum of the community that the allottees are entitled for the ownership of the entire land and no area should be given or used for constructing the affordable Housing for the economically weaker sections of the KDO Community.

In view of such incorrect and misleading announcements against the unanimous decision, all the members of the working Committee of KDO HOPE-1000, many of them are also the allottees, feel that the entire purpose and object of community housing, for which KDO HOPE 1000 was founded and formed, is defeated. No committee Member is willing to work for private unjust enrichment alone. Hence, unless this and related issues are sorted out permanently and urgently by all the allottees with the Organisation by proper documentation, no further work will be done by the Committee members. All the allottees, including those who make such claims, alone will be accountable for the safety and interest of the property till such time.

If there is no response in writing from all the allottees agreeing and abiding to the resolution of earmarking 30% of the land or FSI for the social cause mentioned above for the weaker section KDOs and they getting proportionate land or FSI as per their respective payment, the working committee will be left with no other alternative but to seek other remedies and fight for the weaker section of the community. Your signed communication ( in the enclosed format), either agreeing or not agreeing, should reach the office of Kutch Development Organisation – HOPE 1000 on or before 20th August, 2016. Choice and responsibility is and will be yours.

**Yours Sincerely,**

**All the 10 members of the Working Committee.**

To, **Kutch Development Organisation - Hope 1000**

Sub: Consent for community Housing on 30% of the land or FSI at Dombivli Land.

Ref: Your communication dated 26-07-2016

In furtherance to the unanimous decision of the General Body Decision taken at Matunga, I/we hereby agree to abide by it and give my/our consent that 30% of the net land or development rights or FSI shall be utilised for the purposes of providing affordable residences/ flats to the economically weaker brothers and sisters of the KDO Jain Community only. Further, in the balance 70% of either the net land or development rights or FSI, the allocation will be done in proportion to the amounts paid by each allottee. If these 70% of development rights or land or FSI is sold, the net sale proceeds shall also be divided in the same proportion among all the allottees.

## શ્રી અરિહંત કો. ઓપ. બેંક લી.

ACBL Estd 1984

**Head Office :** GB 10 A & 10 B, Karma Stambh, Opp. Kailash Com. Complex, L.B.S. Marg, Vikroli (W), Mumbai - 400 083.

**H.O. Tel.:** 2579 9326 • **Fax :** 2579 9323 • **E-mail :** acblho@arihantbank.com

### ૩૩મી વાર્ષિક સર્વસાધારણ સભાની રીવાઈજ્ડ નોટીસ (સુધારિત સૂચના)

**આથી સૂચિત કરવામાં આવે છે કે શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેંક લિમિટેડની, ૩૩મી સર્વસાધારણ સભા શનિવાર, તા. ૨૦મી ઑગસ્ટ ૨૦૧૬ના બપોરના ૨.૩૦ વાગ્યે ધી ફાઈન આર્ટસ સોસાયટી, ફાઈન આર્ટસ ચોક, આર.સી. માર્ગ, ચેંબુર, મુંબઈ-૪૦૦ ૦૭૧ ખાતે મળનારી બધા શેરધારકો (સભ્યો) તેમની પાસેના શેરોની સંખ્યા કે ખાતામાંની રકમની કોઈ શરત વગર સહભાગી થઈ શકશે.**

**નોંધ : સભામાં સહભાગી થવા સભ્યોએ શેર હોલ્ડર આયડી કાર્ડ (ઓળખપત્ર) લાવવું જરૂરી છે**

**ખેતશી ડી. ખોના** (ચીફ એકઝીક્યુટીવ ઓફિસર)

### ખંડવાની સાક્ષી મનીષ મોમાયા ઍમ્સમાં પ્રવેશ મેળવનાર ખંડવા ને કેડીઓની પ્રથમ વિદ્યાર્થિની બની



ખંડવાની કે.ડી.ઓ. વિદ્યાર્થિની સાક્ષી મનિષ મોમાયા ઍમ્સના ટુંકા નામે ઓળખાતી ઓલ ઈંડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સની પ્રવેશ પરીક્ષામાં બેસનાર દેશભરના ૧૮૯૩૫૭ વિદ્યાર્થીઓમાં ૧૪૪ નું સ્થાન પ્રાપ્ત કરીને જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. આ પ્રકારની સફળતા મેળવનારી તે ખંડવા અને સંભવતાઃ કચ્છી દશા ઓશવાલ સમાજની પ્રથમ વિદ્યાર્થિની છે. ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ધરાવતી સાક્ષી સારી પેઈન્ટર પણ છે.


**'કલર ઓફ ઈંડીયા'માં આપનું સ્વાગત છે.**
**નમ્રતા અરોરા (મોમાયા) પ્રસ્તુત કરે છે.**

ઓરિજીનલ જીણા બાંધણી નવનવી ડિઝાઈન, પ્યોર સિલ્ક, ગજી સિલ્ક, ક્રેપ, જ્યોરજેટમાં સાડી, ચાણીયા ચોલી, પંજાબી સુટ, સ્ટોલ વગેરે. આપની પસંદગીનાં કલર મુજબ બાંધણી તથા સ્ટોલ કરાવી આપશું તો જરૂરથી જોવા પધારશોજી.

**સેલ :** તા. ૬ ને ૭ ઑગસ્ટ ૨૦૧૬, સવારના ૧૦થી સાંજે ૬ સુધી

**સ્થળ : પ્રભાબેન ટી. શાહ,**
રૂમ નં. ૯,૧૦, ખેતશી ચત્રભુજ વાડી, નવરોજી લેન,
ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

**પ્રભાબેન** - 09702544095, **નમ્રતા** - 09967255864



*કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય*

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.),કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574** રવિવારે બંધ
**Originally at Zaveri Bazar since 1976**



**ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ**

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

**યુ. કે. ખીમજી એન્ડ કું.** હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

# વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

સહસ્ત્રગુણા ગાંધી, મીઠડિયા વોરાની જેમ ઓસવાલોનું એક પ્રાચીન ગોત્ર હતું : 'વિષાયહાર' ગોત્ર. ૧૦૦ વરસ પહેલાનાં ''પુસ્તક જૈન ગોત્ર સંગ્રહ''નાં લેખક પંડિત હિરાલાલ હંસરાજ લાલનની નોંધ મુજબ વિ. સં. ૧૪૪૭માં ચૈત્ર વદ ૧૧ ગુરૂવારે થરાદ પાસે ઘાલતી નામનાં ગામમાં અને ત્યારબાદ કંટલી ગામે સહસા નામે ઓસવાલ શ્રેષ્ઠી વસતા હતા તેની ગોત્રજા અછુપ્તા દેવીના કર (નૈવેદ્ય) માટે ઘરમાં પકવાન બનાવ્યું તેમાં છાપરા પર રહેલ સાપનાં મુખમાંથી ઝેર પડતા ઘરના જેટલા લોકોએ આ પક્વાન આરોગ્યું તેઓ મુર્છિત થઈ ગયા. સહસા શેઠ અને તેમની માતાએ આરોગ્યું ન હોવાથી બચી ગયા. માતાએ એ વખતે ગામમાં માસક્ષમણ માટે સ્થિરતા કરી રહેલા અચલગચ્છીય આચાર્ય શ્રી યશકિર્તીસુરીને આ વાત જણાવી. ગુરૂએ વિષાપહાર મંત્રના બળે ઝેર ઉતાર્યું અને સહસા શેઠના વંશજો 'વિષાપહાર' ગોત્રથી ઓળખાયા.

ભાટોની વહીમાં નોંધ મુજબ આચાર્ય ધર્મઘોષ સૂરિના સમયમાં મારવાડ જાલોરના લાખણ ભાલાણી ગામે તાતોલા પરમાર વંશમાં પરમાર દધિચંદ્ર પુ. રણમલ પુ. હરીયાને સર્પદંશ થયો અને આચાર્ય ધર્મઘોષસૂરિએ સર્પનું વિષ હરી જીવીત કર્યો અને તે જૈન થયો. જેનું પુર્વે તાતોલા પરમાર પછી વિષાપહાર ગોત્ર થયું. આ પ્રસંગનું વર્ષ વિ. સં. ૧૨૬૯ (ઈ.સ. ૧૫૧૩) આપ્યું છે.

ભાટોએ હરિયા વંશને સહસ્ત્રગુણા ગાંધી તરીકે ઓળખાવી છે. એમની નોંધ મુજબ ''પ્રથમ શાખા વિષાપહાર, દ્વિતીય શાખા હરિયા, તૃતિય શાખા કક્કા, ચતુર્થ શાખા સાંઈયા અને પાંચમી શાખા ગૃથલિયા. અડક કહેવાણી એ પાંચ શાખા જાણવી.''

ભાટોની વહીઓમાં આ હરિયાશાહથી ૮મી પેઢીએ બીજા હરિયાશાહ થયા ત્યારથી વિષાપહાર શાખામાંથી હરિયા ઓળખ નીકળી. 'હરિયાવંશ પ્રશંસા રાસ જે વિ.સં. ૧૭૦૦ (ઇ.સ. ૧૬૪૪)માં લખાયેલ છે તેમાં મટુથલિયા અને મારૂ નામે બે ગોત્રો ઉમેરાતા કુલ ૭ નુખો નીકળી તેવું જાણવા મળે છે. આ હરિયાશાહ થરપારકરથી સિંધ થઈ કચ્છ આવ્યા તેવી નોંધ મળે છે.'

પરમારવંશની એક શાખા ભાવલ તથા ભાયલ છે જેનું વતન સીપાણ અને રોહીસી ગામ હતું. આ ભાવલ શાખામાં રાણા સજન તયા અને રાણા સજનના રાણા રાવલ થયા. રાણા રાવલનાં બે પુત્રો સિલાર અને મારૂ. મારૂનો પુત્ર વરસલ ઉર્ફે વેરસીએ જૈન ધર્મ અંગીકાર કર્યો અને ઓસવાલમાં ભળ્યો અને તેની મારૂ શાખા થઈ.

વર્તમાને આપણી જ્ઞાતિમાં હરિયા કે મારૂ ગોત્ર નથી પરંતુ મૂળ ગોત્ર વિષાપહાર ગોત્રની અન્ય શાખાઓ છે : સાંઈઆ, કક્કા(કાંકન), ભીંઘ કે ભેદા, ચુરલા અને ડાગા ગોત્રો આપણી જ્ઞાતિમાં છે.

મારૂ ગોત્ર વીસા ઓસવાલમાં છે. શંભુદાન ભટની નોંધ મુજબ હાલાપર (કચ્છ)માં મારૂ શાખાના પુરુષે 'પુર્નલગ્ન' કરતા સમાજે તેને બહિષ્કૃત કરતા તે દશા ઓસવાલના વરાડિયા જઈ વસ્યો અને ડાઘા ઓળખ ધારણ કરી. આ કથન મારૂમાંથી ડાઘા નૂખ નીકળી હોય તેનું પ્રતિપાદન કરે છે.

અન્ય એક વહી નોંધ મુજબ ''ઉશની ગોત્ર, વંશ ગૌડ, દેવી ખીંયરી (મોમાઈ) શાખા મારૂમાંથી નૂખ ગદા, નીસર, બોએડ, દાગા''.

વળી ભાટોની વહીઓમાં દાગા માટે મારૂ દાગા શબ્દ વાપરેલો જોવા મળે છે. ડરી જવાય તેવા બિહામણા પુરુષ પરથી ડાઘો (દાગા) ઓળખ થઈ એમ કહેવાય છે તો શંભુદાન ભટના મતે મરકીના રોગમાં માણસો ટપોટપ મરતા હતા અને મૃતકને અગ્નિદાહ આપવા માટે પણ કોઈ ઊભું રહેતું નહોતું અને લોકો જીવ બચાવવા ભાગતા હતા. આવા સમયે એક પુરુષે આગળ આવી અનેક મૃતદેહોને અગ્નિદાહ આપ્યા અને તેને લોકો દાગિયો તરીકે ઓળખવા લાગ્યો. (દાગ આપનાર એટલે અગ્નિ સંસ્કાર કરનાર) પાછળથી આ દાગિયાનું દાગા થયું.

માહેશ્વરી જ્ઞાતિમાં પણ દાગા ગોત્ર છે. ક્ષત્રિયકુળ, પરમાર વંશના મુળ પુરુષ ડુંગોજીથી ડાઘા ગોત્ર થયું.

શ્રી શત્રુંજયગિરિની શેઠ કેશવજી નાયક ટુંકની એક દેરીનો લેખ ''સંવંત ૧૯૬૪ના મહા સુદ ૧૩ ને શનિવારે ગામ શ્રી કચ્છ વરાડિયાવાલા હાલ શ્રી જલગામમેં રૂ વાલા. મારૂ ગોત્રે શા. દેવજી વીશરે શ્રી મુનિસુવ્રત સ્વામી પધરાવી પ્રતિષ્ઠ કરાયિતં.''

શ્રી કોઠારા તીર્થના શ્રી શાંતિનાથ જિનાલયની પ્રતિમાઓના એક લેખમાં ''સંવંત ૧૯૨૧ વર્ષે મગ્ધ સુદ ૭ ગુરૌ શ્રી અચલગચ્છે પૂજ્ય ભટ્ટારક શ્રી રત્નસાગરસૂરીણા મુપદેશાત્ શ્રી કચ્છ દેશે શ્રી વરાડિયા ગ્રામે ઓસવંશે લઘુશાખાયાં મારુ ગોત્રે સા. આસપાર વર્ધમાન તસ્ય ભાર્યા ચાંણબાઈ તત્પુત્ર રાજપારે શ્રી પાર્શ્વનાથજી.'' (ઉપરોક્ત બન્ને લેખો શ્રી પાર્શ્વ સંપાદિત શ્રી અચલગચ્છીય પ્રતિષ્ઠા લેખોમાં પ્રકાશિત છે જે પરથી આપણી જ્ઞાતિમાં ડાઘા અગાઉ મારૂ તરીકે ઓળખાતા હતા એ પ્રસ્થાપિત કરે છે.)

ડાગા ગોત્રના કુળદેવી મોમાઈ માતા છે જેનું બીજું નામ ખીંયરી દેવી છે. ડાગા ગોત્ર મુખ્યત્વે કચ્છમાં વરાડિયા અને હાલારમાં દલતુંગી છે. દલતુંગીના ડાગા મૂળ બાજુના ગામ નાની રાફુદળના માલદે છે. હાલારી વીશા ઓસવાલના માલદે પરિવારના નાની રાફુદળનાં પુરુષે પુનર્લગ્ન કરતા વીસા ઓસવાલ સમાજે બહિષ્કૃત કર્યો અને આ પરિવાર દલતુંગી આવી વસ્યો અને દશામાં ભળી ગયો. ડાગા ગોત્ર દશા ઓસવાલમાં હતું અને સગોત્રીય હોવાને નાતે આ માલદે પરિવારમાંથી ઘણા પરિવારોએ ડાગા નૂખ અપનાવી. કદાચ વહીવંચાઓની ભુલથી આ બન્ને ગોત્રને એક કરી નાખ્યા હોય એવું સંભવી શકે છે. વાસ્તવમાં માલદે ગોત્ર ચૌહાણવંશની શાખા હોઈ શકે છે. શંભુદાન ભટે માલદે ગોત્રને પરમારવંશની શાખા દર્શાવેલ છે.

– ક્રમશઃ

श्री शांतिनाथाय नमो नमः

# સાંધવ નગરે ચાતુર્માસ પ્રવેશ થયો શાનદાર... પુણ્યશાળીઓ એ બનાવ્યો યાદગાર !

સાંધવ નગરે શાંતિનાથ દાદા ની શિતલ છાયા માં તા. ૧૬.૭.૨૦૧૬ ના સવારના પ.પૂ. સાધ્વીશ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી જ્ઞાનેશગુણાશ્રીજી મ.સા. નો ચાતુર્માસ પ્રવેશ રૂડી રીતે સંપન્ન થયો. શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરવા સાંધવવાસીઓ, નિયાણી બહેનો, સ્વજનો સગા સબંધીઓ, પૂજ્યશ્રીના કુટુંબીજનો, ગુરુભક્તો, વિવિધ સંઘોના પદાધિકારીઓ મળી ૧૦૦૦ જણની સંખ્યા થઈ હતી. સામૈયામાં શણગારેલી બે બળદ ગાડીઓ (વેલ), અશ્વ, બગી, બેડા લઈને બહેનો, પાઘડીઓમાં શોભતા શ્રાવકો, ઘરચોડા બાંધણીમાં શોભતી શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં હતી. દુબઈ, કલકત્તા, હૈદરાબાદ, ખંડવા, પાંચોરા, મલ્કાપુર, લોનાવલા, શેગાવ, ભાગલકોટ, મુંબઈ, વાપી, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, જામનગર, રાજકોટ, ગાંધીધામ, ભુજ અને ગામેગામ થી ભાવિકો પધારેલ.

મુંબઈથી મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશ મોતા, ઉપપ્રમુખ લેરિન ખોના, શાંતિજિન જાગૃતિ ગ્રુપના અધ્યક્ષ જયેશ જૈન, અરવિંદ લોડાયા, ભદ્રેશ પટેલ, કુમાર દંડ, મણિકાંત લોડાયા, નરેન્દ્ર દંડ, ઉત્તિન ખોના, પ્રજ્ઞેશ જૈન, વીરેન્દ્ર લોડાયા, હરીશ શિયાળ, ચેતન પીર, ભુપેન્દ્ર ડાઘા, ભદ્રીચંદ દંડ, નરેન્દ્ર ભવાનજી, કેતન દંડ, પુનશી મૈશેરી, રતિલાલ ધ્રોળ, દિનેશ પટેલ, પદમ લોડાયા, જયેશ દંડ, ચીમનલાલ નાગડા, દિનેશ અજાણી, વીરચંદ ધરમશી, રાયચંદ લોડાયા, દામજી સોની, કુસુમકાંત લાલકા, સોમચંદ નાગડા, વિનોદ લાલકા, કિરીટ લોડાયા, મહેન્દ્ર મોતા, પદમ મોતા, જીતેન્દ્ર સાંયા, જીતેન્દ્ર ખોના, જતીન નાગડા, લક્ષ્મીચંદ પોલડિયા, ધનજી મોતા, નિલેશ પટેલ, નરેન્દ્ર ખોના.

ગાંધીધામથી રમેશ દંડ, પ્રવીણભાઈ દંડ, મહેશ લાલકા, અરવિંદ લોડાયા, કાંતિલાલ લાલકા, લક્ષ્મીચંદ ધરમશી, ભુપેન્દ્ર લોડાયા, નિરંજન લોડાયા.

ભુજથી પ્રબાધ મુનવર, હરીશ લોડાયા, કિશોર સાયા, ચેતન ખોના, ભરત લોડાયા, હરીશ નાગડા, હરીશ લોડાયા.

વાપીથી ધીરેન લોડાયા, ખુશાલ મૈશેરી.

સુરત થી ગુલાબ છેડા, ગિરીશ દૂધવાળા તથા ક.દ.ઓ. સમાજ તથા ક.વિ.ઓ. સમાજના ગામેગામ કોઠારા, તેરા, નલિયા, જખૌ, જસાપર, લાલા, પરજાઉ, વારાપધ્ધર, વાંકુ, સિંધોડી, રાપર, સુથરી, સાંયરા, વરાડિયા, મંજલ, ડુમરા, બાયઠ, નરેડી, બારા, લાયજા, દેઢિયા, દેવપર, કોટડા, મકડાં, ઉનરોઠ, છસરા, માંડવી, ડોણ, રાઘણજરથી જ્ઞાતિજનોની હાજરી રહી હતી.

સાંધવ ગામવાસીઓ શામજીભાઈ દંડ, શામજી લોડાયા, નવીન પટેલ, પ્રફુલ લોડાયા, નવીન લોડાયા, લક્ષ્મીચંદ મુરજી, દિનેશ લોડાયા, રાયચંદ દંડ, ચંદ્રકાન્ત લોડાયા, પ્રતાપ લોડાયા, વર્ધમાન લોડાયા, સંદીપ લોડાયા, મહેશ દંડ, જયેશ લોડાયા, નવીન લોડાયા, લક્ષ્મીચંદ મુરજી, દિનેશ લોડાયા, રાયચંદ દંડ, ચંદ્રકાન્ત લોડાયા, પ્રતાપ લોડાયા, વર્ધમાન લોડાયા, સંદીપ લોડાયા, મહેશ દંડ, જયેશ લોડાયા, લક્ષ્મીચંદ દંડ, શરદ લોડાયા, પ્રફુલ દંડ, રાજેશ દંડ, મુકેશ દંડ, વિપુલ લોડાયા, નવીન લોડાયા, કિશોર લોડાયા, પ્રિયકાન્ત દંડ, વીરચંદ ખોના, રસિકભાઈ લોડાયા, પ્રવીણ મોતા, ભરત ખોના, ઝવેરચંદ ખોના, ઉમેશ ખોના, નિલેશ દંડ, કમલેશ દંડ ઉપસ્થિત હતા.

પ્રવેશ વખતે વ્યક્તિ દીઠ રૂપિયા ૧૫૦/- નું સંઘપૂજન કરવામાં આવેલ. દરેક દાતાશ્રીઓ તરફથી. તથા રૂા. ૧૦/- નું સંઘપૂજન માતુશ્રી જયાબાઈ લક્ષ્મીચંદ દંડ પરિવાર તરફથી. (ટોટલ સંઘપૂજન ૧૬૦/-)

ગુરૂપૂજન નો લાભ સંઘવી શ્રી ભાગચંદ દામજી ધરમશી પરિવારએ લીધેલ. પૂજ્ય શ્રીને સૂત્ર વહોરાવવાનો લાભ શ્રી શામજી નરશી દંડ પરિવાર અને માતુશ્રી જમકુંબાઈ લાલજી પટેલ પરિવાર એ લીધેલ.

પ્રવેશ દરમિયાન આયંબિલ અને એકાસણાની ૫૦ થી વધુ તપસ્યા થયેલ.

**સર્વે પધારેલ મહાજનો, જ્ઞાતિજનો, સગા સ્નેહીઓ, ગામવાસીઓ નું શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ તથા માતુની જમકુંબાઈ લાલજી પટેલ પરિવાર હસ્તે ઠાકરશી લાલજી પટેલ પરિવાર ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે.**

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ વતી : શ્રી વીરચંદ ખોના, પ્રવીણ મોતા**

**સાંધવ નગરે શાંતિનાથ દાદાની શિતલ છાયામાં પ.પૂ.સા.શ્રી પુર્ણગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા.શ્રી જ્ઞાનેશગુમાશ્રીજી મ.સા.ના ચાતુર્માસ પ્રવેશના પાવન પ્રસંગે સંઘપૂજનનો લાભ લેનાર ભાગ્યશાળીઓ તેમજ માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ પરિવાર હસ્તેઠાકરશી લાલજી પરિવાર ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.**

**રૂા. ૫૧૦૦/- લાભ લેનાર ભાગ્યશાળી**

| | | |
|---|---|---|
| ૧) | શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા | ઘાટકોપર |
| ૨) | શેઠશ્રી શામજી નરશી દંડ | મુલુન્ડ |
| ૩) | માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ પરિવાર | સાંધવ |
| ૪) | સંઘવીશ્રી ભાગચંદ દામજી જૈન | કોઠારા |
| ૫) | માતુશ્રી ખેતબાઈ હંસરાજ લોડાયા | આરીખાણા |

**રૂા. ૨૫૦૦/- લાભ લેનાર ભાગ્યશાળી**

| | | |
|---|---|---|
| ૧) | શ્રી હિમાંશુ વિરચંદ મેઘજી ખોના | ડોંબિવલી |

**સાંધવ નગરે શાંતિનાથ દાદાની શિતલ છાયામાં પ.પૂ.સા.શ્રી પુર્ણગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા.શ્રી જ્ઞાનેશગુમાશ્રીજી મ.સા.ના ચાતુર્માસ પાવન પ્રસંગે સંઘપૂજનનો લાભ લેનાર ભાગ્યશાળીઓ**

## રૂા. ૧૧૦૦/- લાભ લેનાર ભાગ્યશાળી

| | | |
|---|---|---|
| ૧) | શ્રી મુલજી માણેકજી લોડાયા | ઘાટકોપર |
| ૨) | શ્રી શામજી માણેકજી લોડાયા | થાણા |
| ૩) | શ્રી પ્રવિણ માણેકજી લોડાયા | થાણા |
| ૪) | શ્રી નવિન માણેકજી લોડાયા | થાણા |
| ૫) | શ્રી પ્રફુલ માણેકજી લોડાયા | મુલુન્ડ |
| ૬) | શ્રી પ્રકાશ માણેકજી લોડાયા | થાણા |
| ૭) | શ્રી ભવાનજી રાઘવજી લોડાયા | મુલુન્ડ |
| ૮) | શ્રી દીનેશ રામજી લોડાયા | મુલુન્ડ |
| ૯) | માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા | ડોંબિવલી |
| ૧૦) | માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા | મુલુન્ડ |
| ૧૧) | માતુશ્રી ખેતબાઈ સોમચંદ લોડાયા | ડોંબિવલી |
| ૧૨) | શા. મેઘજી કુંવરજી ખોના | ડોંબિવલી |
| ૧૩) | માતુશ્રી વિમલાબાઈ ખીમજી દંડ | વાપી |
| ૧૪) | શા. દામજી નરશી દંડ | ભાંડુપ |
| ૧૫) | તનય નિલેશ દામજી દંડ | મુલુન્ડ |
| ૧૬) | જીલ, ભવ્ય રાજેશ દંડ | ભાંડુપ |
| ૧૭) | પ્રિયાંસી જયેશ લોડાયા | મુલુન્ડ |
| ૧૮) | પ્રીશા જયેશ લોડાયા | મુલુન્ડ |
| ૧૯) | શ્રી ભવાનજી નરશી દંડ | મુલુન્ડ |
| ૨૦) | શ્રીમતી શકુંતલા રાયચંદ દંડ | મુલુન્ડ |
| ૨૧) | માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ | ભાંડુપ |
| ૨૨) | શા. પીતામ્બર શામજી પટેલ પરિવાર | કલકત્તા |
| ૨૩) | શ્રી પદમશી કુંવરજી પટેલ | કલક્તા |
| ૨૪) | માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા | મુલુન્ડ |
| ૨૫) | શ્રી રસીક દેવરાજ લોડાયા | મુલુન્ડ |
| ૨૬) | શ્રી કાંતિલાલ ભવાનજી લોડાયા | ભાંડુપ |
| ૨૭) | માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ | મુલુન્ડ |
| ૨૮) | માતુશ્રી લક્ષ્મબાઈ મુરજી ભાણજી દંડ | ઘાટકપોર |
| ૨૯) | મે. સ્વતીક કલીયરીંગ એજન્સી હ. જયેશ લોડાયા | મુલુન્ડ |
| ૩૦) | મે. શાહી લોજેસ્ટીક હ. હિતેશ પટેલ | મુલુન્ડ |
| ૩૧) | શ્રી કાંતિલાલ કાનજી લાલકા | બાંઢીયા |
| ૩૨) | શ્રી મણીકાંત વિસનજી નાગડા | તેરા |
| ૩૩) | શ્રી વિજયસિંહ લાલજી ખોના | નલીયા |
| ૩૪) | શા. વિસનજી ભીંયશી ખોના | સુખપર |
| ૩૫) | શા. વિસનજી શામજી સોની | જખૌ |
| ૩૬) | માતુશ્રી હીરબાઈ કુંવરજી લાલકા | વારાપધર |
| ૩૭) | જયાબાઈ ચત્રભોજ દંડ | મંજલ રેલડીયા |
| ૩૮) | માતુશ્રી મણીબાઈ ગોવિંદજી મોતા | મોટી ધ્રુફી |
| ૩૯) | માતુશ્રી હેમલતાબેન નલીકાંત પીર | સુથરી |
| ૪૦) | માતુશ્રી હંસાબેન હીરાચંદ પટેલ | બાંઢીયા |
| ૪૧) | માતુશ્રી કસ્તુરીબાઈ ખેતસી શિયાળ | જખૌ |
| ૪૨) | માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી લોડાયા | નલીયા |
| ૪૩) | માતુશ્રી મલ્યાબાઈ શરદ દંડ | પરજાઉ |
| ૪૪) | માતુશ્રી બાંયાબાઈ શામજી મોતા | સુખપર |
| ૪૫) | શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ | મુંબઈ |
| ૪૬) | શ્રી ભદ્રીચંદ ભવાનજી દંડ | છાદુરા |
| ૪૭) | શ્રી મૃગેશ વિરેન્દ્ર શાહ | મુલુન્ડ |
| ૪૮) | માતુશ્રી જેઠીબાઈ કેશવજી ધરમશી | સુથરી |
| ૪૯) | કાંતાબાઈ ચત્રભોજ મોમાયા | સાંયરા |
| ૫૦) | ભવ્ય-ધૈર્ય ધીરેન ખોના | નલીયા |
| ૫૧) | જવેરબાઈ સોજપાર મોતા | કુવાપધર |
| ૫૨) | વિજયાબાઈ હરીશ ડાઘા | વરાડીયા |
| ૫૩) | ગુલાબચંદ ત્રિકમજી નાગડા | રંગપુર |
| ૫૪) | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન | સાંયરા |

## રૂા. ૫૦૦/- લાભ લેનાર ભાગ્યશાળી

| | | |
|---|---|---|
| ૧) | શા. મણીલાલ ભવાનજી લોડાયા | ભાંડુપ |
| ૨) | શા. દેવણાંત ચત્રભોજ લોડાયા પરિવાર | મુલુન્ડ |
| ૩) | માતુશ્રી લાખબાઈ કાંતિચંદ ખોના | ઘાટકોપર |
| ૪) | શ્રી વર્ધમાન પદમશી લોડાયા | વિઠ્ઠલવાડી |
| ૫) | માતુશ્રી લીલબાઈ માણેકજી લોડાયા | ડોંબિવલી |
| ૬) | માતુશ્ર ખમાબાઈ જીવરાજ દંડ | ડોંબિવલી |
| ૭) | શ્રી લક્ષ્મીચંદ મુલજી દંડ | ખંડવા |
| ૮) | મીનાબેન સોમચંદ નાગડા | રાપરગઢવારી |
| ૯) | શા. વિરચંદ લાલજી પટેલ | ગાંધીધામ |
| ૧૦) | શા. લાલજી લખમશી દંડ | પરજાઉ |
| ૧૧) | શ્રી મહેશ મુરજી મોતા | લાલા |
| ૧૨) | શ્રી ઝવેરચંદ સોજપાળ મૈશેરી | નાની સિંધોડી |
| ૧૩) | માતુશ્રી મધુરીબેન શામજી ડાઘા | વરાડીયા |
| ૧૪) | શા. ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા | બારોઈ |
| ૧૫) | અ.સૌ. કલ્પનાબેન શાંતિલાલ લોડાયા | સાંધવ |
| ૧૬) | કાવ્ય ભદ્રિક દંડ | મંજલ |
| ૧૭) | નરેડી જૈન સંઘ | નરેડી |
| ૧૮) | મણીબેન મધુકાંત મોમાયા | વરાડીયા |
| ૧૯) | વિમલાબેન ખીમજી મૈશેરી | જખૌ |

**પેંડાની પ્રભાવના : શ્રી ઠાકરશી લાલજી પટેલ પરિવાર (સાંધવ-મુલુન્ડ)**

**સંઘ પૂજન ! અહો સુકૃતમ્ !! જય જિનેન્દ્ર !!!**

શ્રી શાંતિનાથાય નમો નમઃ

# સાંધવ નગરે ચાતુર્માસ પ્રવેશ થયો શાનદાર... પુણ્યશાળીઓ એ બનાવ્યો યાદગાર!

































॥ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રી શામળીયાજી પાર્શ્વનાથાય નમઃ ॥

# આમંત્રણમ



"પધારો..!!
પધારો...!!!

*અમારા મનનો મોરલીયો ટહુંકાર કરે છે*



પિતાશ્રી ધારશીભાઈ દેવજી મોતા



માતુશ્રી જેઠીબાઈ ધારશીભાઈ મોતા

**"મેરા ગામ તેરા"**ના હુલામણા નામે ઓળખાતું, પાંજો કચ્છના હેરીટેજ વીલેજમાં સ્થાન પામેલું, જ્યાં જીરાવલ્લા અને શામળીયા પાર્શ્વનાથજીની અચિંત્ય કૃપા અનારાધાર વરસી રહી છે. ભોજનશાળા અને અતિથિગૃહની સુચારૂ વ્યવસ્થા લોકોના હૃદયમાં મોખરાનું સ્થાન ધરાવે છે. તેરા પાંજરાપોળમાં ગાય-વાછરડાની સાર સંભાળ સારી રીતે લેવાઈ રહી છે, એવા તેરા ગામમાં સખીદીલ દાતાઓની ધનવર્ષાને કારણે આઠ (એસી) રૂમનું નવું અતિથિગૃહ નામે **"રાજલક્ષ્મી વાત્સલ્યધામ"** આકાર લઈ રહ્યું છે. પ્રાંગણમાં પેવર બ્લોક થી સુંદરતામાં ઓર વધારો થઈ રહ્યો છે. આ નવલા સંકુલ સહ પ્રત્યેક રૂમનું **"લોકાર્પણ", તા. ૨૯-૮-૨૦૧૬ને સોમવાર**ના બપોરના તેરા મહાજનવાડીના પ્રાંગણ મધ્યે રાખેલ છે. આ લાખેણા પ્રસંગની શોભા વધારવા અને સખીદીલ દાતાઓનું માન-સન્માન વધારવા આપ સહુને તેરા ગામે આમંત્રિત કરતા અમો સહુ હર્ષની લાગણી અનુભવીયે છીયે.

## "રાજલક્ષ્મી વાત્સલ્યધામ"

**ના સંકુલ સહ પ્રાંગણમાં પેવર બ્લોકના દાતાશ્રી**

**પુણ્યશ્લોકી માતુશ્રી જેઠીબાઈ તથા પિતાશ્રી ધારશીભાઈ દેવજી મોતા**
અને
**પુત્ર સ્વ. શ્રી ધીરેન લક્ષ્મીચંદ મોતા** (લાખણીયા)ની પાવન સ્મૃતીમાં
**માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ મોતા** (વડાલા-મુંબઈ) પરિવાર તરફથી
હસ્તે **શ્રીમતી દક્ષાબેન ધીરેન મોતા**
પૌત્રી-પૌત્ર : **ચિ. લીપીશા, ચિ. અનિશા અને ચિ. યશ**



શેઠશ્રી લક્ષ્મીચંદ ધારશીભાઈ મોતા



માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ ધારશી મોતા



## લોકાર્પણ

**સંવત ૨૦૭૨, શ્રાવણ વદ ૧૨, તા. ૨૯-૮-૨૦૧૬, સોમવાર બપોરના ૩.૦૦ કલાકે**

આ શુભ પ્રસંગે નવલા અતિથિગૃહના ત્રણ રૂમના, સંપૂર્ણ ફર્નીચરના લાભાર્થી. પરિવાર દ્વારા તે તે રૂમનુ પણ ઉદ્‌ઘાટન બાદ લોકાર્પણ થશે. હમણા ત્રણ રૂમના સખીદીલ દાતા પરિવારે, પોતાની લક્ષ્મીને શુભ લક્ષ્મી બનાવી તેનો સદ્ઉપયોગ કર્યો છે, બાકી રહેતી રૂમ માટે જ્ઞાતિજનો - ગામવાસીઓ-નિયાણીઓ એ લાભ લેવા માટે ટ્રસ્ટી મહાશય અથવા કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

ફરી એક વાર સહુ જ્ઞાતિજનો, શ્રેષ્ઠીવર્યો, તેરા, કુવાપધર, ધ્રૂફી, લાખણીયાના ગામવાસીઓ, નીયાણીઓને આ ઉલ્લાસભર્યા પ્રસંગે પધારી, શોભામાં અભિવૃધ્ધિ કરવા આપને ભાવભર્યુ આમંત્રણ આપીયે છીયે.

ઉદ્‌ઘાટન અને લોકાર્પણના કાર્યક્રમ બાદ સાધર્મિક ભક્તિનો લાભ આપશોજી અને બીજા દિવસ **તા. ૩૦-૮-૨૦૧૬ને મંગળવાર** થી શરૂ થતાં પર્વાધિરાજ પર્યુષણ માટે તેરા ગામે સ્થિરતા કરી, ધર્મ આરાધનાનો લાભ પણ શ્રી સંઘને આપશોજી એવી અભ્યર્થના.

આ પ્રસંગે **"રાજલક્ષ્મી વાત્સલ્યધામ"**ના લાખેણા દાતાશ્રી **શેઠશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા - પરિવાર** તથા રૂમના સંપૂર્ણ ફર્નીચરના લાભાર્થી પરિવારના સુકૃતની ભૂરી ભૂરી **અનુમોદના - આભાર - ધન્યવાદ.**



સ્વ. શ્રી ધીરેન લક્ષ્મીચંદ મોતા



શ્રીમતી દક્ષાબેન ધીરેન મોતા



ચિ. લીપીશા ધીરેન મોતા



ચિ. અનિશા ધીરેન મોતા



ચિ. યશ ધીરેન મોતા

### રૂમના સંપૂર્ણ ફર્નીચરના લાખેણા દાતાશ્રી

**દાતાશ્રી નું નામ**

૧ **માતુશ્રી લીલબાઈ માણેકજી દંડ પરિવાર**
તેરા (આણંદ પરિવાર)

૨ **શ્રીમતી મીનાબેન ગુલાબ મોતા**
કુવાપધર - હૈદ્રાબાદ

૩ **માતુશ્રી વેલબાઈ પદમશી માડણ લોડાયા**
કુવાપધર - બોરીવલી



લી.
**શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન તેરા**
**શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ**

CHINTAN GRAPHICS 022 25084463

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥ ॥ શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ॥ ॥ શ્રી મુનિસુવ્રત દાદાય નમઃ ॥

॥ શ્રી નમો નમઃ તિર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ સ્વામીને નમઃ ॥

॥ શ્રી નમો નમઃ આર્યરક્ષિત - કલ્યાણ - ગૌતમ - ગુણ - ગુણોદય - કલાપ્રભસૂરીભ્યો નમઃ ॥

# મોડપર નગરે દ્વિતિય ધ્વજારોહણ ત્રિહાનીકા મહોત્સવ અહેવાલ

## તા. ૧૦-૦૬-૨૦૧૬ થી તા. ૧૨-૦૬-૨૦૧૬

શ્રી મોડપર નગરે (જી. જામનગર) ૪૦૦ વર્ષથી અધિક પ્રાચીન શ્રી સુપાર્શ્વનાથ દાદાના દરબારે, તેમજ ૯૯ ઈંચના કેશરીયા આદિનાથ દાદાના દરબારે, તેમજ પ.પૂ.આ.ભ. દાદા ગુરૂદેવ કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.ના ગુરૂ મંદિરે, જીર્ણોધ્ધાર સહ નવનિર્માણ બાદ દ્વિતિય ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાનીકા મહોત્સવ સ્વરૂપે વિ. સં. ૨૦૭૨ જેઠા સુદ ૬, શુક્રવાર તા. ૧૦ જુન, ૨૦૧૬ થી જેઠ સુદ ૮, રવિવાર તા. ૧૨ જુન ૨૦૧૬ દરમ્યાન ખૂબજ ધામધુમથી ઉલ્લાસપૂર્વક ઉજવાયો.



આ પ્રસંગે મુંબઈ, બહારગામ, કચ્છ, હાલાર વગેરે પ્રદેશમાંથી શ્રાવક, શ્રાવિકાઓ પધાર્યા હતા. વિધિ વિધાન અને સંગીત અચલગચ્છના કોહીનુર **શ્રી જય નંદુ** અને **શ્રી કૃષ્ણકાંત સામાણી**ની મંડળી પધારી હતી અને સર્વેને ભાવનાના ગીતોમાં ભાવવિભોર કરી રંગત જમાવી હતી.

પાર્શ્વપંચકલ્યાણક પૂજા, અઢાર અભિષેક ધામધુમથી થયેલ. ત્રણે દિવસની નવકારસીના લાભાર્થી હતા **માતુશ્રી દેવાંબેન ગાંગજી ધરમશી (રંગપુર - ડોંબીવલી)**. શ્રી સુપાર્શ્વનાથ દાદાની ધ્વજાના લાભાર્થી પરિવાર **માતુશ્રી ગોમાબેન હેમરાજ દેવરાજ લોડાયા (મોટી ખાવડી - ઘાટકોપર)** શ્રી કેશરીયા આદિનાથદાદાની ધ્વજાના લાભાર્થી પરિવારમાં **માતુશ્રી નવલબેન મણીલાલ દંડ (સેવક ભરૂડીયા - મુલુંડ)** તેમજ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.ના ગુરૂમંદીરની ધ્વજાના લાભાર્થી પરિવાર **માતુશ્રી નવલબેન જેતશી મેઘજી શિયાલ** અને ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો તેમજ આજુબાજુના ગામના શ્રાવક - શ્રાવીકાઓ પધાર્યા હતા અને ખૂબજ ઉલ્લાસ, ઉમંગ થી પ્રસંગને દીપાવ્યો હતો.

આવતા વર્ષે ધ્વજારોહણ શુક્રવાર, તા. ૦૨-૦૬-૨૦૧૭ના નિધાર્યું છે અને ત્રણે ધ્વજાના લાભ ઉછામણી કરી આપવામાં આવેલ છે. મોડપર નગરે ભોજનશાળા ચાલુ છે. દરેક માસની પુનમના ભાથુ આપવામાં આવશે અને લાભાર્થીઓએ ઉછળતા હૈયે લાભ લીધો છે. બારમાસી ચડાવા સુંદર થયા. સર્વે લાભાર્થી પરિવારોને તેમજ તન-મન-ધનથી કાર્ય કરનાર સર્વે કાર્યકર્તાઓને ખૂબ ખૂબ અભિનંદન અને અનુમોદના.

**ભોજનશાળા નિભાવ ફંડમાં દાન આવકાર્ય છે.**

ત્રિયાનીક મહોત્સવની ઉજવણી દરમ્યિાન ટ્રસ્ટીગણ તથા કાર્યકર્તા દ્વારા જાણતા અજાણતા કોઈ ભુલ થઈ કે કોઈ અવિવેક થયો હોય તો મિચ્છામી દુક્કડમ્.











## શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ

મોડપર કાર્યાલય: મુ. પો. મોડપર, તા. લાલપુર, જી. જામનગર, સૌરાષ્ટ્ર, ગુજરાત-૩૬૧ ૨૮૦.
ભોજનશાળા : વિનોદ શીવજી ધરમશી: ૯૯૨૪૯૯૨૩૩૬ પુજારી: શ્રી જયંતીભાઈ : ૦૮૧૪૧૮૩૦૧૧૯

મુંબઈ કાર્યાલય : શ્રી આર્ય જૈન કલ્યાણ કેન્દ્ર, ૧૦૩, મેઘરત્ન બિલ્ડીંગ, દેરાસર લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૭૭.
મહેતાજી : શ્રી નિતિનભાઈ : ૦૨૨ - ૨૫૦૧ ૧૭૮૮ મો. : ૯૮૯૨૯ ૫૦૮૧૪

UPASANA-9820167767



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)
## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)

## આપણી કન્યાછાત્રાલયનું ગૌરવ અને આપણા સમાજનું ઉજ્જવળ ભવિષ્ય

**શૈ. વર્ષ ૨૦૧૫ - ૧૬ માં ફર્સ્ટ ક્લાસ કે તેથી વધારે માર્ક લઇને ઉત્તીર્ણ થયેલી દિકરીઓ**

૩૧ માંથી ૨૦ દિકરીઓ ફર્સ્ટ ક્લાસ થી વધારે માર્કસ

૭ દિકરીઓ ૭૦% વધારે માર્ક્સ


લોડાયા હેમાંશી લક્ષ્મીચંદભાઇ
T.Y.B.Com. Sem-6 - 76%


લોડાયા જીનલ અશોકભાઇ
T.Y.B.Com. Sem-6 - 71%


ખોના કાજલ દિપકભાઇ
F.Y.B.Com. - 71%


વોરા મયુરી મહેન્દ્રભાઇ
F.Y.B.Com. - 67%

હાર્દિક અભિનંદન !


ખોના કિંજલ દિપકભાઇ
F.Y.B.Com. - 61%


લોડાયા સોનલ હિરાલાલ
F.Y.B.A. - 60%


ખોના ખુશ્બુ બ્રિજેશભાઇ
S.Y.J.C. - 69%


દંડ નિતિકા સંજયભાઇ
S.Y.J.C. - 61%

હાર્દિક અભિનંદન !


લોડાયા મીરાલી કમલેશભાઇ
10th - 60%


ખોના નિકિતા કુંદનભાઇ
10th - 60%


લોડાયા ઇશા હર્ષદભાઇ
9th - 67%


મુનવર મિનલ કાંતિલાલ
8th - 78%


લોડાયા હિરાલી કમલેશભાઇ
8th - 67%


ખોના દિશિતા ભરતભાઇ
8th - 67%


ડાઘા પુજા લલીતભાઇ
7th - 80%


ગોસર પુનમ મુકેશભાઇ
7th - 75%


લોડાયા પાયલ સતીષભાઇ
7th - 72%


ખોના ઉર્વશી ખુશાલભાઇ
7th - 72%


ધુલ્લા દિવ્યા ભરતભાઇ
7th - 63%


ખોના પ્રિયાશી ભરતભાઇ
6th - 65%

**લાગલગાટ ૭ માં વર્ષે પણ છાત્રાલયનું પરિણામ ૧૦૦% આવેલ છે. ગત વર્ષ દિકરીઓ માટે અને સંચાલકો માટે ખુબજ લાભદાયક રહ્યો. જાન્યુઆરીમાં દિકરીઓએ ખુબજ સરસ કાર્યક્રમની રજુઆત મુંબઇમાં કરી અને સહુની વાહ વાહ મેળવી અને હવે ખુબજ સરસ પ્રોત્સાહીક પરિણામ લાવીને જ્ઞાતિજનોએ એમનામાં અને સંચાલકોમાં મુકેલા વિશ્વાસને સાર્થક કરેલ છે. સર્વે દિકરીઓને ખુબ ખુબ અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામના.**

**શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે ૩૫ દિકરીઓને પ્રવેશ અપાયેલ છે. સર્વે શિક્ષણપ્રેમી જ્ઞાતિજનોનો આ જ્ઞાનયજ્ઞમાં પ્રશંસનિય સહયોગ મળી રહ્યો છે અને ભવિષ્યમાં પણ સુંદર સહયોગ મળતો રહેશે એવી અભિલાષા.**

### રવમાં નીરવતા - ગીતા જૈન

હમણાં એક દિવસ વ્હેલી સવારનું પ્લેન પકડવાનું હોવાથી, અંધારે અંધારે મારી એક મિત્ર સાથે લોકલ ટ્રેનમાં જવાનું થયું. સ્ત્રીઓનાં ડબ્બામાં બધાં પાટીયા પર એક એક સ્ત્રી સૂઈ ગયેલી. બારી દરવાજા પણ બંધ. નરી નીરવતા! એમાંય જ્યારે ગાડી સ્ટેશન પર ઊભી રહે ત્યારે તો ખામોશી-સન્નાટો!!

મિત્રને સળવળાટ થઈ ગયો - કહે આ અવાજ વગરની ગાડી છે ! રોજ તો આપણે ઓફિસ અવર્સમાં જઈએ ત્યારે કેટલી બૂમાબૂમ ! જાતજાતનાં અવાજો-ઝઘડા, ફેરિયાનાં અવાજ, સીટની પડાપડી, પોતાની મિત્ર બીજા સ્ટેશનેથી આવે એટલે ગાડી ગજવીને એને અપાતું આમંત્રણ - એને જગ્યા આપવી અને બે કલાકથી ઊભા હોય એને મોઢું વકાસતાં છોડી દેવાનાં, સખીઓ વચ્ચે મિનિટે મિનિટે બદલાતા વિષયો પરની અસંબદ્ધ વાતો, ટોપલાવાળી બાઈઓ સાથેની ગાળ/હાથ મારામારી અને આ બધામાંથી ય વળી એક ખૂણેથી સંભળાતા ભજનનાં સૂર કે સ્તોત્રપાઠ તો બીજે ખૂણેથી આવતા ફિલ્મી ગીતોની અંતકડીના સ્વરો... તો વળી ક્યાંકથી રાંધણકળા અને સિવણ-ભરત-ગુંથણ-હસ્તકામ કળાનાં પાઠો ભણવા મળે... આજે તો ભઈ ! ગાડી સૂની ભાસે છે.

એ મિત્રની વાત તદ્દન સાચી હોવા છતાં મને પોતાને આ નીરવતા કઠતી નહોતી. આવી ખામોશ શાંતિનો આનંદ હું તો માણી રહી હતી. એણે ઉલટાનો રસભંગ કર્યો હતો. હું ઉત્સાહજનક પ્રતિસાદ ન આપી શકી એટલે એણે કહ્યું હજુ ઊંઘ આવતી લાગે છે. હા ! કહીને મેં છૂટકારો મેળવ્યો.

આંખ બંધ કરીને હું એ મારી નીરવ શાંતિનાં રસપાનમાં ડૂબવાની મથામણ કરવા લાગી ત્યાં જ તો માનસપટ પર નૈનીતાલનું સુંદર તળાવ આંખો સમક્ષ ઊભરાઈ રહ્યું. વ્હેલી સવારે, આશરે ચારેક વાગ્યે એ તળાવ પર ગાળેલી અનેક એકાંત/જીવંત ક્ષણોનું સ્મરણ અને ચિત્ર દશ્યાંકન થતાં જ મન આનંદથી તરબતર થઈ ઊઠ્યું. મારી મિત્રની સાંભળેલી વાત અને આ મેં માણેલું નીરવતાનું સંગીત બંને - માનસપટ પર વારંવાર એકબીજા પર છવાવા લાગ્યા, મને મિત્રની દયા આવી-સંપૂર્ણ શાંતિમાં ડૂબકી લગાવવાનો આનંદ એ મેળવી શકતી નહોતી. આ તો મહાનગરનાં રહેવાસીઓ માટેનો દુર્લભ લ્હાવો હોવા છતાં એ મૂંઝાતી હતી?! સુનાપણું અનુભવી રહી હતી?! કઠાઈ રહી હતી?! કેવું આશ્ચર્ય !!

નાનપણમાં વેકેશન ગાળવા ગામડે જવાનું થતું ત્યારની, આંગણામાં કે અગાસીમાં ખાટલામાં ચત્તાપાટ પડીને કલાકો સુધી કરેલી તારા-ચંદ્ર સાથેની ખામોશ-નીરવ છતાં પ્રેરક ગોઠડી સાંભરી આવી. એનક નાનાં નાનાં મૂંઝવતા પ્રશ્નો ત્યારે મનમાં ઊભરાતા - ધીરે ધીરે આપોઆપ સમાધાન થવા લાગતું અને મન શાંત - તદ્દન શાંત થઈ જતું - પ્રશ્નો - વિચારો શમી જતાં જાણે તારા - ચંદ્ર મને સમજી શકતા - મને ઉકેલ મેળવવામાં મદદ કરતા મારાં પરમમિત્રો બની જતાં અને પછી એકાંત શાંતિમાં મને નિમગ્ન કરી દેતા - (જગતનો શ્રેષ્ઠ શિક્ષક અને શ્રેષ્ઠ ઉત્તર કર્તા આપણે સ્વયં જ ને !) - ત્યારે આ શાંતિનું રસપાન અનાયાસે આવી મળતું આજે એને માટે આયાસ કરવો પડે છે. પ્રયત્નપૂર્વક સમય ફાળવવો પડે... આ માટેનો તલસાટ પ્રબળ બને ત્યારે શહેરમાંથી ભાગી છૂટવું પડે. અને ત્યારે જ મળે-નૈનીતાલના તળાવની પાળની વહેલી સવાર, ભીમતાલની રંગીન/શાંત સંધ્યા, કોસાની પરનું માણેલું અદ્‌ભુત/ભવ્ય સૂર્યદર્શન, મધરાતના જાગેશ્વરનાં ઘનઘોર દેવદારનાં જંગલોની વચ્ચેની માદક સુગંધ સાથેની નીરવતા, પંચગીનીનાં ઢોળાવ પરનાં ઊંચા ઊંચા વૃક્ષો વચ્ચેનાં ક્યારેક ક્યારેક મંદ તેમજ ક્યારેક ગતિભર્યા પવનનો સુસવાટ, મોગલ બાદશાહોનાં મકબરાની આસપાસ વિંટળાયેલી નિરવધિ ખામોશ શાંતતા, તીથલનાં સમુદ્ર પર વહેલી પરોઢનો સમુદ્રલય, કોરબેટ નેશનલ પાર્કની ભયંકર ડરામણી છતાં રોમાંચકારી નિઃસ્તબ્ધતા, કલકત્તા-દિલ્હી શહેરની હોટલની અગાશી પરની એકલતા કે જંગલમાં આવેલાં તીર્થો પરની વહેલી સવારની ઘંટમય પવિત્રતા... પણ આ તલસાટ મને જાગે છે ત્યારે એમાંથી પ્રાપ્ત થાય છે નીરવ શાંતતા/ખામોશી - ઝંકૃત થાય છે સુષુપ્ત પ્રશ્નો - પહોંચે છે સમાધાન પાસે - અને મન બને છે વિચારવિહીન - ત્યારની જ સુખદ અનુભૂતિ થાય છે એનું વર્ણન અશક્ય બને છે. આવો એકાંતાનંદ ખરે જ આપણા માટે જરૂરી છે આથી મન સ્વસ્થ-શાંત અને મુંઝવણથી મુક્ત બને છે અને આને લીધે શરીર આપોઆપ સ્વસ્થ બની જાય છે. આવા એકાંતાનંદથી ભીતરી શોધ સરળ બને છે. ભીતરમાં ઊભા થયેલાં પ્રશ્નો, વિમાસણો કે વિટંબળાઓ માટે પોતાની જાત સાથે સંવાદ રચવો હોય તો આ એકાદ સંવાદથી પ્રભુ સાથેનાં સંવાદ સુધીની મઝલ કાપીએ તો જ ભીતરી

હું તો ધરાનું હાસ છું, હું પુષ્પનો પ્રવાસ છું,
નથી તો ક્યાંય પણ નથી, જુઓ તો આસપાસ છું.

શોધ સફળતા પામે અને ત્યારે જ પ્રશ્નો શમી જાય; મન નીરવ શાંતિનો પરમાનંદ માણી શકે. માટે જ આવા એકાંતાનંદની આપણને ખૂબ આવશ્યકતા છે. કુદરત સાથે એકરૂપતા સાધવાથી કેટલું બધું પ્રાપ્ત થાય ! લગભગ ત્રણ વાગ્યે (વહેલી સવારે) જાગેશ્વરનાં ઘનઘોર દેવદારનાં જંગલ વચ્ચે મેં માણેલી એકાંત પળો આ લખતાં લખતાં ય તાદશ્ય થઈ રહી છે. મારા સહપ્રવાસીઓ સૂતા હતા - હું નીકળી પડી. નાનું ઝરણા જેવું નાળું અને પ્રાચીન મંદિર પસાર થતાં જ જંગલમાં પ્રવેશ. ચારે બાજુ ઊંચા ઊંચા ઝાડ - એને આગલે દિવસે સાંજે જોયેલાં એટલે જ કલ્પી શકું, અંધારામાં તો દેખાય નહીં, બેટરીની તેજરેખા દોરવાનું તો યાદ જ ન આવે - એ વૃક્ષોને સ્પર્શી શકું, અનુભવી શકું, એની સુગંધ માણી શકું એવી એકલતા ! કોઈ મારૂં 'ગાંડપણ' જોઈ જશે એવી સભ્ય સમાજની બીક પણ નહોતી ને ! મારો હાથે પણ મને ન્હોતો દેખાતો - ધીરે ધીરે ચાલતી રહી, અનાયાસે એક ઝાડ પાસે અટકી જવાયું કારણ કે હું એની સાથે અથડાઈ પડી હતી - પગમાંથી સ્લીપર સ્લીપ થઈ ગઈ... અહોહો ! મારો પગ મખમલ પર આવી પડ્યો હતો. મેં વાંકા વળીને સ્પર્શ કર્યો. હાથમાં કશુંક આવ્યું - ઊંચા ઊંચા વૃક્ષોનાં ખરી પડેલાં, સૂકાયેલાં એ પાંદડાઓએ નીચે ચાદર બીછાવી દીધી હતી અને એનો સ્પર્શ અત્યંત મુલાયમ હતો. લાલજાજમથી ય અદકેરા વ્હાલા એ સ્પર્શે મારા અસ્તિત્વને જ ભૂલાવી દીધું - હું, હું ન રહી. ફક્ત શાંતિ... એકાંત... અને વાતાવરણના એ અંધારાએ મનમાં 'ઉજાસ' પૂર્યો - કુદરત સાથેનાં આ એકતાનથી મન પણ એકતાન - એકભાન - એકશાન બની રહ્યું. ફાંફા મારીને સ્લીપરને ટ્રાઉઝરનાં ખીસ્સામાં સેરવી દીધી. ફરી ચાલવાનું શરૂ કર્યું. ઝીણા ઝીણા તારા ઝબુકતા હતા. સપ્તર્ષિ મંડળની આભા છલકાતી હતી. અચળ ધ્રુવ તારો અને ચંદ્રમાં પણ જાણે મને આવકારતા હતા. તમરાંઓનો અવાજ મનમાં તમતમ કરી જતો હતો જાણે ! આંખોથી જે નહોતું જોઈ શકાતું એ બધું પણ જાણે જોઈ શકતી હતી અને ભીની ભીની આહ્લાદક સુગંધથી તન-મન તરબતર થઈ ઉઠ્યા હતા. ખબર નહીં કેટલો સમય એ મુલાયમ સ્પર્શ પગને મળતો રહ્યો - એક જગ્યાએ અચાનક પગ થંભી ગયા. આ બધું કેમ શા માટે થાય છે? એ પણ ન સમજી શકાય એવી 'ક્ષણ' હતી કારણ કે આ બધું આપણી સામાજિકતા, વ્યાવહારિકતા અને સ્વીકારી/માની લીધેલી ગણિતીક સુઝબુઝથી ક્યાંય દૂરની અનુભૂતિ હતી. એક ઝીણી-તદ્દન આછી પહેલી નઝરે તો ફરક ન પાડી શકાય એવી પ્રકાશની જ્યોત દૂર ટેકરી પર ઝબકવા લાગી- અનુમાન કર્યું, લગભગ ત્રણેક કલાક મેં આ એકલતાના- નીરવતાનાં-પ્રસન્ન શાંતતાનાં અનુપાન કર્યાં હતાં અને હવે સાત ઘોડાનો રથ હણહણાટ કરી રહ્યો હતો. હું પાછી ફરી - આપણી 'પ્રકાશની' દુનિયામાં પ્રવેશી ગઈ.

લગભગ, વહેલી સવારે બ્રાહ્મમુહૂર્તમાં ૩ થી ૪ ની વચ્ચે નૈનીતાલ પર ગાળેલી એકલતાની ક્ષણોનો આનંદ આંખો બંધ કરીને, મેં આ ચાલતી ગાડીએ માણવા લાગ્યો - ત્યારે યાદ આવી અનેક સંતપુરુષોની વારંવારની એક વાત - જ્યાં જઈ શકાય એ તો ઠીક પણ જ્યાં હોવ જ નહીં, કે જ્યાં ગયા પણ ન હો, ભલે ને એ વિશે ફક્ત વાંચ્યું - સાંભળ્યું હોય ત્યાં મનોમન પહોંચી જવું, એવી શક્તિ પ્રાપ્ત કરવી એ પણ પરમપિતાની બક્ષિસ જ છે. જ્યાં હાજર ન હો તે દેખાવું, તેને તાદશપણે માણવું, તેમાં લીન થઈ જવું, વર્તમાન જગ્યા ભૂલાઈ જવી અને જે આનંદ મળે તે અદ્ભુત હોય - અને આવું જ કંઈક હું મેળવી રહી. ખંડાલા, કૌસાની, કોરબેટ પાર્ક કે આવા સ્થળોએ રહીને માણેલી એ નીરવતા - એ ખામોશી એ શાંતતા - એ વાતાવરણની સુગંધતા - એ સમાધાન દ્વારા પ્રાપ્ત થયેલી વિચારવિહીન માનસિકતા - મનમાં છવાયેલી એ પ્રસન્નતા - એ બધા ય કરતાં વિશેષ આજે એ પળો, સ્થળ અને વાતાવરણથી દૂર હોવા છતાં માણી રહી - આ એક અદ્ભુત અનુભવ હતો. તીથલમાં હોઈએ કે પંચગીનીમાં કે બાગેશ્વરની ખીણમાં હોઈએ પણ ત્યાં તો ફક્ત એ એક જ વાતાવરણની અસર હોય, આ તો અનેક સ્થળોએ માણેલી એ પરમચેતનાની અનુભૂતિની પળો - એ સન્નાટાની ક્ષણો - એ ભીતરી આનંદનો ધોધ - બધું ય એક સાથે આજે ચાલતી ગાડીએ માણી રહી. આમ અનેક સ્થળોએ મેળવેલું અમૃતધન એકી સાથે મનની તિજોરીમાં કેવું ધરબાયેલું હતું તે આજે જોઈ શકી. અહો ! આનંદ ! પરમાનંદ !! અજાણતા જ મને સંગ્રહ કરેલાં આ અમૂલ્ય ભંડાર થકી જ આપણું જીવન ભર્યું ભર્યું રહેતું હશે ને ! વિપશ્યના માટે પણ શરૂઆતમાં પ્રયત્ન કરવો પડે. શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડે. આ તો કશાય પ્રયત્ન વગર, અચાનક મન ધ્યાનકક્ષાએ પહોંચ્યું હતું - એની જાણ પણ ઊતરવાનું સ્ટેશન આવતાં મારી મિત્ર એ હલબલાવી ત્યારે થયું - હું ઝબકી ગઈ. હિમાલય પર જોયેલા અનેક યોગીઓ પણ ધ્યાનમાં જ્યારે નિમગ્ન બનતાં હશે ત્યારે કોઈને કોઈ પ્રકારનું અવલંબન અવશ્ય લેતાં હશે

**અહીં પ્રથમ પરોઢનાં પ્રશાંત આ સરોવરે,**
**કમલ સમા ઉઘાડવો અશબ્દ હું ઉજાસ છું.**

# બરસન લાગી બુંદરિયા

**વરસાદની ભીનાશ સૌને સ્પર્શે છે, પણ કોઈ કોઈ જ તેને ઉકેલી શકે છે, તરસતાં ફૂલોને, પ્રજળતાં વૃક્ષોને ભેટવાની લાખો નાની નાની રીત છે વરસાદ પાસે. વાદળભર્યું આકાશ ઝૂકે છે ત્યારે ધરતી પરનું જીવન ટટ્ટાર ખડું થાય છે.**

ભલે દર વર્ષે આવતી હોય, તોય બીજી કોઈ ઋતુની નથી થતી તેવી વર્ષાઋતુની પ્રતીક્ષા થાય છે, ઊમળકાથી તેનાં વધામણાં થાય છે ને પથ્થર જેવા હૈયામાં ય એક વાર તો નાજુકનરવી કૂંપળો ફૂટી જાય છે. પછી ભલે અગવડની, ગંદકીની, રોગચાળાની તકલીફ પણ થાય. ક્યારેક બારેમેઘ ખાંગા થાય, વાદળ ફાટે, પૂર આવે ત્યારે ભય પણ લાગે, પણ મેઘરાજ તે મેઘરાજ. એના પૅકેજડીલમાં આવતું બધું જ આપણને કબૂલ હોય છે ઋતુરાજ શબ્દ વસંત માટે આરક્ષિત છે એટલે આપણે વર્ષાને કહી ઋતુરાણી.

પ્રકૃતિદેવી ભારત પર કે પૂર્વના દેશો પર વધારે મહેરબાન હશે એટલે તેણે આપણને ચોમાસાની અલગ ઋતુ આપી છે. પશ્ચિમમાં વરસમાં ગમે ત્યારે વરસાદ થાય છે. ત્યાં બે જ ઋતુ છે, સમર અને વિન્ટર. એ બેની વચ્ચે વરસાદને આવવું હોય ત્યારે આવી જાય. આપણે ત્યાં તેનો આવવાનો સમય નક્કી હોય એટલે તેની રાહ જોવાનું, તેના સ્વાગતની તૈયારી કરવાનું અને આવે ત્યારે તેનો આનંદ માણવાનું આપણને ફાવે.

પણ વરસાદનું મનુષ્યમાત્રને આટલું આકર્ષણ કેમ હશે ? કારણ એ છે કે જગતની તમામ સંસ્કૃતિઓ મૂળભૂત રીતે ખેતી-સંસ્કૃતિઓ હતી. આ તમામ સંસ્કૃતિમાં પૃથ્વીની, સૂર્યની ને વરસાદની પૂજા કરવામાં આવતી, કારણ કે એ ત્રણે વિના અન્ન ઉત્પન્ન કરવાનું સંભવ ન હતું. નથી, ન કદી હશે. એટલે આજે પણ વરસાદ જીવનને ધારણ કરનારને પોષનાર બળ તરીકે પ્રેમ અને આદરને પાત્ર છે. એ ન હોય તો આપણે પણ ન હોઈએ. જે બળ આપણા અસ્તિત્વને માટે આટલું અગત્યનું હોય તેના પ્રત્યે થોક થોક આકર્ષણ પ્રકૃતિ આપણામાં ન મૂકે તો જ નવાઈ.

અને એ આકર્ષણને માનવીઓએ થોકથોક માણ્યું છે, ગાયું છે, તેનાં અવનવાં રૂપ આત્મસાત કર્યાં છે. જીવન આનંદનું નામ છે, જીવન પ્રેમનું નામ છે, જીવન સર્જનાત્મકતાનું નામ છે અને જીવન મુક્તિનો અહેસાસ છે. વરસાદ આપણને આ બધું જ આપે છે. જીવનના બધાં જ પાસાને ભીનું ભીનું સ્પર્શે છે. ઝીણી ઝરમરથી લઈ તોફાની મેઘતાંડવ સુધીનો એનો વ્યાપ છેક મૃત્યુના છેડાને સ્પર્શવા સુધી જાય છે. જાણે ગુપ્ત સંદેશો આપે છે કે જીવન અને મૃત્યુ એક જ સિક્કાની બે બાજુઓ જેવાં છે, જુદાં છતાં જોડાયેલાં.

વિશ્વની તમામ સંસ્કૃતિઓ વરસાદને જીવનપોષક ઊર્જા ગણાવે છે. ૧૧મી સદીમાં પશ્ચાતાપના આંસુને વર્ષા સાથે સરખાવતી પંક્તિઓ મળે છે - જેમ વર્ષા માટીને પોષણ આપે છે અને મલિનતા ધોઈ નાખે છે, પાપને ધોઈ નાખે છે. ગ્રીક દેવ ઝિયુસનું શસ્ત્ર વીજળી છે. મૅક્સિકોના પુરાતન દેવતા ટ્લાલોક વર્ષાના દેવ હતા. પ્રાચીન ચીનમાં રાજાને મેઘ સાથે સરખાવવામાં આવતો,કારણ કે મેઘની જેમ રાજા ભૂમિને ફળદાયિની બનાવે છે.

ટાગોર કહે છે, વરસાદના અવાજથી મધરાતે ઊંઘ ઊડી જાય તો ઉજાગરો સાર્થક થઈ જાય છે. તેઓ કહે છે, 'વર્ષાની ધાર બધાને જોડે છે. જેમ મારા હૃદયને તેમ આંગણાના વૃક્ષને અને દૂરના ખેતરને ભીંજવે છે. તેની ધારાઓ એકલા ચાલ્યા જતા મુસાફરની છત્રી પર પડે છે તેમ દૂરના સાગરમાં એકલી ડોલતી નાવડી પર પણ પડે છે.'

કાલિદાસના 'મેઘદૂત'માં શાપિત યક્ષ દૂર રહેતી પ્રિયાને સંદેશો મોકલે છે તેની આપણને ખબર છે, પણ ચોથી સદીમાં લખાયેલા આ મહાકાવ્યમાં ભારતના પ્રદેશોનું અને વર્ષાઋતુના પવનો દેશના કયા વિસ્તાર પરથી ક્યારે પસાર થાય છે તેનું વર્ણન પણ મળે છે જે કાલિદાસનું ભૂગોળ અને વિજ્ઞાનનું જ્ઞાન દર્શાવે છે. 'મેઘદૂત'માં કાલિદાસે આપેલાં વર્ણન ચોક્કસ સાબિત થયાં છે. એ કાળે તેમણે આટલો પ્રવાસ કર્યો હશે, અને તે પણ સંશોધક દૃષ્ટિએ ? હવામાનશાસ્ત્રીઓને માટે આ આશ્ચર્યનો વિષય છે, કારણ કે દર વર્ષે વર્ષાનાં વાદળોની ગતિ તેઓ 'મેઘદૂત'માં વર્ણવ્યા મુજબની જુએ છે. માત્ર કલ્પના અને ભાવનાના ગુબ્બારા રચીને રચતા કવિઓએ કાલિદાસમાંથી આ પ્રેરણા પણ લેવા જેવી ખરી.

ખલિલ જિબ્રાને વરસાદના મુખે પોતાની વાત કહેતું પ્રસિદ્ધ કાવ્ય લખ્યું છે. અન્ય પશ્ચિમી કવિઓએ પણ

અનુસંધાન ૨૮મા પાને

**હું ત્યાં જ છું, હતો હું જ્યાં, હું સ્હેજ પણ ખસ્યો નથી,**
**અને અનાદિ કાળથી જ હું સતત પ્રવાસ છું.**

## ટૂંકી વાર્તા : એ તો છે જ એવા !

તો ફાઈનલી આજે રવિવાર છે, મારા માટે તો ઘણા ઘણા દિવસે આવતો રવિવાર. આ ઘરમાં પરણીને આવી એ વાતને કદાચ આવતા મહિને બે વર્ષ પૂરાં થાશે. નર્યા એરેન્જ મેરેજ હતા. મારી કોલેજ અધૂરી છૂટી ગયેલી. હજુ તો ક્લાસમાં મેડમ ''પ્રિયજન'' નવલકથા ભણાવતાં હતાં ને તાસ પૂરો થઈ ગયેલો. કેન્ટીનમાં બધી ફ્રેન્ડ્સ સાથે આ વખતના એન્યુઅલ ડે માટેની 'ક્રિષ્ના: ધ ગ્લોબલ ગુરુ' થીમ વિશેની ચર્ચાઓ કરતાં હતાં. એક-બે ફ્રેન્ડ્સ લોકોએ તો એ વખતે મને ખીજવી પણ લીધેલી કે ''મેહા, તું જ ક્રિષ્ન બનજે, કોલજને મેકઅપનો ખર્ચો બચી જશે.'' પછી એ લોકો અંદરોઅંદર હસી પડેલા. તાળીઓ આપતા હતા ને જાણે કે બહુ જ મોટી જોક કહેવાઈ હોય એમ હસવું રોકી નહોતા શકતા. એ જ વખતે મેં છણકો કરી દીધેલો, ''હું કાળી નથી, નમણી છું!'' ને પછી પાછું ફરીને જોયા વિના મારા લાઈટ પોપટી ડ્રેસને મેચિંગ દુપટ્ટાને હાથમાં કસકસાવીને પકડીને સડસડાટ ચાલતી થઈ ગયેલી. મારી પાછળ મારી બેસ્ટ ફ્રેન્ડ દિવ્યા એ બધી છોકરીઓને ધમકાવતી હતી, એના અવાજો મને છેક કોલેજના ગેટ સુધી સંભળાતા હતા.

''વ્હોટ આર યુ ડુઈંગ ગર્લ્સ? તમને કેટલી વાર કીધું છે કે એને કાળી ન કહો, એને નમણી કહેવાય. એને નથી ગમતું કે કોઈ એને...''

''એમ કાંઈ અમારા કહેવાથી થોડી એ રૂપાળી થઈ જવાની છે? સાચું છે એ કીધું એમાં તે...''

***

ઓહ... હાઈશ આંગળી દાઝી ગઈ. ઊની ઊની તપેલી પર આંગળી અડી ગઈ. હજુ તો તૈયાર પણ ન થયા હોય ને બા તૂટી પડે, ''વહુ, મારા માટે જરા કોફી...'' તે દિવસે પણ આમ જ બોલેલાંને કે -

***

''બેટા, મારે ચાની બાધા છે, કોફી બનાવજે...'' કોલેજથી છૂટીને કિલો રીંગણાં ને કોથમીરની ઝૂડી ને છાશની થેલી લઈ ઘેર આવી હતી. દિવ્યા પાસેથી 'આગંતુક' વાંચવા લાવી હતી. એ કહેતી હતી કે મેહા, ધિસ નોવેલ ઈઝ ટુ ગુડ યાર, યુ મસ્ટ રીડ ઈટ! એટલે મેં નક્કી કરેલું કે ઘર જઈને સૌથી પહેલાં તો આ નોવેલ વાંચીશ. હજુ તો ઘેર પહોંચુ ત્યાં તો ડ્રોઈંગરૂમમાં બ્લુ શર્ટમાં મારી ઉંમરનો એક છોકરો ને એક આધેડ બહેન મમ્મી સાથે બેઠાં હતાં.

''આ જુઓ આવી ગઈ! આવી ગઈ બેટા? કેમ આજે મોડું થયું?'' મમ્મી રોજ ન પૂછતી એ સવાલો આજે આટલા બધા વહાલથી કેમ પૂછતી હતી એ ન સમજાયું. પેલાં આધેડ બહેન પણ સસ્મિત મને માપી રહ્યાં પણ ધીમે ધીમે નાનું બનતું જતું એમનું સ્મિત એમની આંખોમાં મારો રંગ મને બતાવતું હતું. ને પેલો છોકરો એકધારું મારી સામે જોઈ રહ્યો. એના જોવામાં કોઈ ફેરફાર ન વર્તાયો. સવારે જ મમ્મીએ ફોર્સ કરેલો કે ના, આજે તો ડ્રેસ પહેરીને જ જા, એટલે રેગ્યુલર કુર્તી-જીન્સના બદલે આજે આછો પોપટી ચૂડીદાર પહેરેલો હતો. બંને હાથમાં શાકભાજીની થેલી, ચહેરા પર ચોટલામાંથી છૂટી પડીને પરસેવાથી ગાલો પર ચીપકી ગયેલી કોરી લટો, ખભે કચ્છી ભરત ગૂંથેલી કોલેજ બેગ ને આંગળીમાં એક્ટિવનાની ચાવી. મેં મારો દુપટ્ટો વ્યવસ્થિત કર્યો ને જેવી સડસડાટ ઘરમાં ગઈ કે મમ્મી ફરી બોલી ઊઠી હતી,

''મેહા... ચા બનાવ.''

''બેટા, મારે ચાની બાધા છે, કોફી બનાવજે...'' પછી એ બહેને ફરી પાછું એની બાજુમાં બેસેલા છોકરા તરફ જોઈને મલકાઈ લીધેલું. હું કિચનમાં ગઈ અને ગેસ પર કોફી મૂકી. ડ્રોઈંગરૂમમાંથી મમ્મીનો અવાજ સંભળાયો હતો,

''ઘરનું બધું કામ અમારી મેહા જ કરે...!''

***

દિલ્હીમાં જ રહે છે, કયું ભણતર કે'વાય તારું બેટા ચિંતન? ડ્રોઈંગરૂમમાં મમ્મી સાથે બેસેલાં એ બહેને એની બાજુમાં બેસેલા એ છોકરાને પૂછ્યું. હું કોફી લઈને આવી. એણે એના બ્લુ શર્ટના ઉપલા બટન સાથે રમતાં હાથને અટકાવીને મારી સામે જોતાં જવાબ આપ્યો,

''જી, ઈન્ટીરિયર ડિઝાઈનિંગ.'' મારી ને એની આંખો મળી. મારા કરતાં તો ક્યાંય વધુ રૂપાળો હતો એ. પછી મમ્મી તરફ જોઈને બોલેલો,

''આન્ટી, મને લેમન ટી જ ફાવશે. કોફી નથી પીતો.''

**નિષેધ કોઈનો નહીં, વિદાય કોઈને નહીં,**
**હું શુધ્ધ આવકાર છું, હું સર્વનો સમાસ છું.**
**'અશબ્દ ઉજાસ' : રાજેન્દ્ર શુક્લ**

''ચિંતન, પહેલાં કહેવું જોઈતું હતુંને! મને એમ કે અહીંયાં તો તું કોફીથી ચલાવી...'' સોફા પર પલાંઠી વાળીને બેસેલાં એ બહેન આ છોકરા તરફ મીઠો ગુસ્સો કરતાં વધુ બોલવા ગયેલાં કે મમ્મીએ તરત મને કીધું,

''મેહા, જા લેમન ટી બનાવી લાવ.'' હું થોડી ધૂંધવાણી મનોમન જ. ને મને દેખાયું કે મારો ધૂંધવાટ એ છોકરો સમજી ગયો. એણે સ્મિત જેવું કશુંક કર્યું ને હું વધુ ગૂંચવાતી સીધી કિચનમાં.

***

''મેહાવહુ... ચિંતનને જગાડો જાવ. દિવસ માથે ચડી ગયો છે.'' બા સોફા પર પલાંઠી વાળીને બેસી ગયાં ને મેં આપેલા કોફીના કપને મોઢે લગાવ્યો. હું એમને ઉઠાડવા બેડરૂમમાં આવી, એ ઘસઘસાટ સૂતા હતા. ઓશીકાથી એમના મોઢાને ઢાંક્યું હતું. મેં એનો અંગૂઠો હળવેથી મરડ્યો અને એ પડખું ફેરવી ગયા.

''તમને કહું ઊઠો, આઠ વાગી જશે હમણાં.'' એમણે કોઈ જવાબ આપ્યો નહીં. મને કૂકરમાં મૂકેલી દાળની દાઝવાની વાસ આવી. ફટાફટ બહાર નીકળી ને હું સીધી કિચનમાં. ત્યાં સુધીમાં તો સહેજ મોડી પડવા બદલ તો કૂકરે તીણી સિસોટી બોલાવી મને આખી ઝાટકી નાખી. ગેસ બંધ કર્યો. મસાલાનું બોક્સ ખોલી જીરું, રાઈ, હિંગ ને સૂકા મરચાં કાઢી રકાબીમાં મૂક્યાં. કૂકર ખોલ્યું તો પાણી બળી ગયું હતું. કૂકરના ખૂલ્યા પછી દાઝવાની વાસ આવી. ચમચીથી નહીં દાઝેલી સારી દાળને અલગ કરવા માંડી. પાછળથી બા આવ્યાં,

''શું થયું વહુ? દાળ દાઝી ગઈ?'' એક પગે સહેજ ખોડંગાતાં બા કિચનમાં આવ્યાં ને મેં અલગ કરેલી બફાયેલી દાળ જોઈને એ બોલ્યાં.

''હા, હું હમણાં બીજી મૂકી દઉં છું બા!''

''ના હવા નસીબમાં દાઝેલી દાળ હશે બીજું શું! આમાં ટમેટાં થોડા વધુ નાખી દે એટલે દાઝ્યાનો સ્વાદ નહીં આવે.'' ને પછી ઘડી બે ઘડી બાએ મારી સાડી સામે જોયું. મેં મારા લાલ કેસરી લેરિયાનો છેડો થોડો વધુ ખેંચીને માથે ઓઢ્યો.

''મેહાવહુ, આવા કલરના લેરિયા તમારી સ્કિન સાથે સ્યૂટ નથી થતા. તમારે લાઈટ કલર પહેરવા જોઈએ. આ કલર તો ગોરા હોય એને સારા લાગે.'' કૂકરની બાજુમાં મૂકેલી તપેલીમાં તેલ ગરમ થયું ને મેં જીરું, રાઈ ને હિંગ ભરેલી રકાબી સીધી એમાં ઠાલવી દીધી. મસાલનો સહેજ તીખો ધુમાડો થયો ને ઉધરસ ખાતા ખોડંગાતાં બા કિચનની બહાર નીકળી ગયાં. સામે વાસણોના સ્ટેન્ડ પર થાળી કાઢવા ગઈ ને એમાં મને મારો ચહેરો દેખાયો, ઘડી બે ઘડી ચહેરાને જોયો. આંખોની નીચે સહેજ કાળાશ બાઝી ગઈ હોય એવું લાગ્યું ને થયું એટલી પણ કાળી નથી જેટલી બધા કહે છે...

***

લેમન-ટીને ઊભરા જેવું થઈ આવ્યું, ગેસ પરથી ઉતારી કપમાં ભરીને અમારા બેડરૂમમાં આવી. એમને કપ આપ્યો. એમણે કપ હાથમાં લીધો અને સ્મિત કર્યું. ''તમારાં કપડાં કબાટમાંથી કાઢી રાખું. તમે નાહી લો એટલે પછી હુંય તૈયાર થઈ જાઉં.''

''હા આજે તો મેં તને ફિલ્મ દેખાડવાનું નક્કી કરેલું. યા, હું ભૂલી ગયેલો.'' મેં એની સામે આંખો નચાવી અને ખોટો મીઠો ગુસ્સો કરતાં કબાટ ખોલ્યો અને એના માટે ઓફવાઈટ શર્ટ ને બ્લુ જીન્સ કાઢ્યું. એક આ રવિવાર જ હોય છે જેમાં લાગે કે હાશ... આજે કાંઈક થોડી મોકળાશ મળશે. બિલાડી પ્લેટફોર્મ પર ઢાંકી રાખેલા દૂધને ટાંપીને બેઠી હોય એમ હું રવિવારને ટાંપીને બેઠી હોઉં. આ બધાં કપડાં, બ્લીચિંગ પાઉડર, વાસણો, ઝાડુ-પોતાં, એંઠી રકાબીઓ, ફ્રિજમાં મૂકેલું દહીનું મેળવણ, લેમન-ટી, સેવમમરાની ભરેલી પ્લેટો, ઈસ્ત્રી, વળગણી પર અગાશીમાં સુકાતી સાડીઓ, ફળિયામાં ધનેડાં પડેલી તપવા મૂકેલી બાજરી, શાકભાજીની ખરીદી, તૂટતાં ફૂટતાં વાસણો, બાથરૂમમાં જામ થઈ ગયેલી ગટર, ઘસી ઘસીને હાંફી જાઓ તોય જેની પીળાશ ને ચીકાશ ન જાય એ ટોઈલેટ ને ગેંડી ને જ્યાં ત્યાં ડૂંચો થઈ વિખરાયેલાં છાપાંઓમાંથી માંડ માંડ મને થોડી વાર માટે છુટકારો મળે એ પણ આજના દિવસે અને સમયનો એ નાનકડો ટુકડો ને એની ક્ષણજીવી સુગંધ એમની સાથે ગાળેલી સાંજની લાલીમા સાથે મારા ચહેરા પર લીંપાઈ જાય. ને પછી આખ્ખેઆખ્ખા છ દિવસ સુધી કામ કરતાં કરતાં પણ થાક લાગે ત્યારે અરીસામાં જોઈને એ લાલાશ યાદ કરી લઉં. કબાટમાંથી એમનાં કપડાં કાઢી ટુવાલ બાથરૂમમાં

**વૃક્ષ જ થવું પડે તો પછી મ્હોરવું પડે,**
**પુષ્પિત થવું પડે ને સતત ફોરવું પડે.**

મૂકવા ગઈ કે બાનો આવાજ સંભળાયો,

''ચિંતન, જલદી નાહીને તૈયાર તઈ જા... આપણે બેત્રણ જગ્યાએ ખબર કાઢવા જવાનું છે. તારા પપ્પાને તો શ્વાસ ચડે છે નહીંતર એને જ લઈ જાત.'' એ બહાર આવ્યા. હું બેડરૂમની બારસાખમાં જ ખોડાઈ રહી, એમનો જવાબ સાંભળવા. એમણે મારી સામે જોયું.

''હું મમ્મી, બસ દસ-પંદર મિનિટમાં તૈયાર થઈ જાઉ છું.'' કહીને એ ઊભા થયા. હું ખસી ગઈ ને એ બાથરૂમ તરફ અંદર બેડરૂમમાં ગયા. હું સીધી પાછળ આવી ને હજુ બોલવા જાઉં કે એ બોલ્યા.

''લિસન મેહા, આપણે ફરી ક્યારેક જઈશું. મમ્મીને કેમ ના પાડી શકું યાર? નેકસ્ટ ટાઈમ શ્યોર... એના હાથામાં સાબુ પકડાવી હું રસોડામાં ગઈ. દાળનો વઘાર કર્યો. બારી બહાર જોઈ રહી. આંખમાંથી અનાયાસે ઝળઝળિયાં આવી ગયાં. હંમેશાં કેટલું બધું કામ નેક્સ્ટ ટાઈમેં ઠેલાતું હોય છે ને કેટલુંય કામ નેક્સ્ટ ટાઈમે ચાલુ કરવાનું હોય છે પણ ખબર નહીં આ નેક્સ્ટ ટાઈમ તો ભીના હાથમાંથી સરી જતા સાબુની ગોટીની જેમ પકડાતો જ નથી.''

''કેમ? આટલી બધી રીસ ચડી ગઈ છે!''

''મારે ઘણું કામ બાકી છે, તમારી જેમ નથી કે મનફાવે ત્યારે મનફાવે એ કામ પાછું ઠેલવી શકાય.'' મારી બંને આંખોના ખૂણે પાણી ભરાઈ આવ્યાં.

''અરે, તું આ વાતને આટલો ગંભીર ઈશ્યુ ન બનાવ...''

''મને બધી ખબર છે...''

''શું?'' એ મારી આંખોમાં જોવા લાગ્યા.

''હું કાળી છું એટલે તમને મને બહાર ફરવા લઈ જતાં શરમ આવે છે, હા એટલે જ દરેક વખતે તમને મને બહાર નહીં લઈ જવાના ઢાળ મળી જ જાય છે.''

મેં જાણે કોઈ જોક કીધી હોય એમ એ હસી પડ્યા. હું વધુ છંછેડાઈ.

''ચલ તું પણ આવ અમારી જોડે... હું વેઈટ કરું છું.''

''મારે ક્યાંય આવવું નથી જાવ.'' કહીને મેં બાથરૂમનો દરવાજો અંદરથી ખૂબ જોરથી બંધ કરી દીધો અને શાવર નીચે ઊભી રહી ગઈ અને શાવર ચાલુ કરી દીધું.

નાહીને બહાર નીકળીને સાડી પહેરી પછી અરીસામાં જોઈ સેંથામાં કંકુ પૂર્યું. પછી બેડરૂમ, ડ્રોઈંગરૂમ અને કિચન ઝાપટીને સાફ કર્યું. મનને સતત કામમાં રાખવા લાગી. ને તોય બે-ત્રણ કલાકમાં કામ પતી ગયું. સસરાને જમવાનું આપ્યું. મને જમવાની કોઈ ઈચ્છા થઈ નહીં. બા ને ચિંતન તો મોડાં આવવાનાં હતાં. મને મારી થાળી ભરવાની આળસ થઈ અને બેડરૂમમાં જેઈ બેઠી. ક્યાંય સુધી ગુમસૂમ રહી. બહાર નીકળવાનો તો કોઈ સવાલ જ નહોતો કેમ કે કોઈ સાથે વાતો જ નહોતી કરતી.

અગાશી ઉપર સૂકવેલા પાપડ લેવા જતાં પણ મને બીક લાગતી કે બાજુની અગાશીવાળા જોશેને તો એની નજરમાં રહેલો મારો રંગ મને જંપવા નહીં જ દે. મેં ડ્રેસિંગ ગ્લાસમાં મારા ચહેરાને જોયો. ત્યાં ફોનની રિંગ વાગી. દિવ્યાનો ફોન હતો, ''હેઈ, મેહાડી, તું તો સાવ ભૂલી જ ગઈ પરણ્યા પછી યાર..., કેમ છે?'

''હેઈ... તું રડે છે મેહા, વ્હોટ હેપ્પન... ટેલ મી... બોલ શું થયું... એય તું રડવાનું બંધ કર મેહા, તને કોઈએ કશું કીધું છે? ચિંતન કશું બોલ્યો? તારાં સાસુ?''

દિવ્યાને કારણ જણાવ્યા વિના સતત કેટલાય દિવસનું રડી લીધું. પછી ફ્રેશ થઈ થોડી વાતો કરી. ને મારી આંખ મીંચાઈ ગઈ. ઊંઘમાં પણ મને સતત ગરમાટો અનુભવાતો હતો. તૂટક તૂટક આંખ ખૂલી તા આંખું શરીર ધખારા મારતું હતું. ખબર નહીં કેટલા કલાકો સુધી હું સૂઈ રહી હતી. આછો આછો ચિંતન દેખાયો, મારા કપાળે હાથ મૂકતો હતો. બા દેખાયાં... મીઠાનાં પાણીનાં પોતાં મુકાતાં હોવાનું અનુભવાયું, કશુંક સોય જેવું જમણા હાથે ભોંકાયું. ને ફરી આંખ મીચાઈ ગઈ. આંખ ખૂલી તો રાતના અગિયાર વાગ્યા હતા. કોઈ મીઠાનાં પાણીનાં પોતાં નહોતાં. સહેજ આળસ અને થાક વરતાયો. હાથમાં ઈન્જેક્શનની સોય ભોંકાઈ હોય એવું નિશાન શોધવા લાગી. જોયું તો ચિંતન બાજુમાં બેઠો હતો.

''હેઈ, બહુ સૂતી તું તો આજ.''

મેં અનુભવ્યું કે શરીર થાકેલું હતું પણ ઠંડુ હતું. તાવ જેવું કશું અનુભવાયું નહીં.

''મને જગાડાય નહીં ? ક્યારે આવ્યા? રસોઈ?''

**એમ જ રચાતું જાય ને એમ જ વિલાય એ,**
**એવું તે કેવું સ્વપ્ન કે એ દોરવું પડે.**

''અરે રિલેક્સ. બાએ બનાવી નાખી છે. અમે લોકોએ જમી લીધું છે. તારી થાળી ઢાંકી રાખી છે. લઈ આવું?''

''ના મારે નથી જમવું'' કહીને હું પડખું ફેરવી ગઈ. એણે હજુ પણ પેલું ઓફવ્હાઈટ શર્ટ ને બ્લુ જીન્સ પહેરેલું હતું. એ મારી બાજુમાં આવ્યો,

''હેઈ આઈમ સોરી... તું થાકેલી લાગે છે એટલે જ તને બાએ ઉઠાડવાની ના પાડી. સવાર માટે સોરી.''

મેં મારું મોઢું ઢાંકી દીધું ને મને લાઈટની સ્વિચ બંધ થવાનો અવાજ સંભળાયો.

સવારે આંખ ખૂલી તો સાત વાગી ગયા હતા. જોયું તો મારું માથું ચિંતનના ખોળામાં હતું, એ બેડનો ટેકો લઈ બેઠો બેઠો સૂતો હતો. એનો એક હાથ મારા વાળમાં હતો. હું ફટાફટ ઊભી થઈ લાઈટ ચાલુ કરી.

''હાય હાય... બિચ્ચારા આખી રાત નાઈટડ્રેસ પહેર્યા વિના બેઠા રહ્યા. સરખું સૂતાય નહીં! આમ તો રાત કઈ રીતે ગઈ હશે એની?'' હું ક્યાય સુધી ચિંતનની સામે જોઈ રહી. મને અપરાધભાવ જેવું થઈ આવ્યું.

''અરેરેરેરે... એક માંડ રવિવાર મળ્યો હોય એય મેં ઝઘડવામાં વેડફી નાખ્યો. બિચ્ચારા એ તો કેટલીય વાતો કરવા માગતા હતા. હું જ ડફર છું સાવ. ઝઘડ્યા વિના, રિસાયા વિના રહી ગઈ હતી તે...'' મેં એમને સરખા સૂવડાવ્યા. બ્લેન્કેટ ઓઢાડ્યો. એના ગોરા ચહેરા પર સ્મિત હતું મને એની બંધ પાંપણો જોઈ બહુ વહાલ ભરાઈ આવ્યું. હળવેથી એમના ગાલ પર ઝૂકીને મેં હળવું ચુંબન કર્યું ને પછી ફટાફટ વાળ બાંધતી રસોડામાં આવી. ગેસ પર તપેલી મૂકી. દૂધ ગરમ કર્યું ને કોફીનાં બિસ્કિટ નાખ્યાં. એકાએક મારું ધ્યાન પ્લેટફોર્મના છેડે પડેલાં મીઠાવાળાં પાણી ને વ્હાઈટ કપડા તરફ ગયું. મેં બારીમાંથી આવતા પ્રકાશમાં જમણા હાથની કોણી જોઈ. ઈંજેક્શનની સોયનું નાનકડું લાલ ટપકું દેખાયું. હું હસી પડી. સામે સ્ટીલના સ્ટેન્ડમાં મારો ચહેરો મને દેખાયો, અંબોડામાં બાંધેલા લાંબા કોરા વાળની એક લટને જમણા કાન પાછળથી અલગ કરી અને જમણા ગાલ પર છોડી. ઊગતા સૂરજના ગુલાબી તડકામાં મારા ચહેરા પર, સ્ટીલનો સ્ટેન્ડ પર ને ઈંજેક્શનની સોયના ટપકા પર લાલીમા છવાઈ ગઈ. થયું કે જગત આખાનું સુખ મારી એકલીની ઝોળીમાં છલકાઈ ગયું. સાડીનો છેડો માથે ઓઢ્યો ને બાનો અવાજ સંભળાય કે 'વહુ... મારી કોફી...' એ પહેલાં ડ્રોઈંગરૂમ તરફ કોફીનો કપ લઈ ચાલતી થઈ.

**– નામ મોરી,**
નવનીત સમર્પણમાંથી સાભાર

---

**રવમાં નીરવતા –** પાના નં. ૨૧થી ચાલુ

એમ માનું છું. પ્રયત્નપૂર્વક આસન જમાવીને, મનને કેન્દ્રિત કરીને – ધીરે ધીરે અંદરથી મનને ખાલી કરતાં જઈ, સર્વે વિચારોને ભગાડી મૂકીને પરમ શાંતિ એમને પ્રાપ્ત થતી હશે તે મને આમ અનાયાસે પ્રાપ્ત થતાં જ ધન્યતા અનુભવાઈ પણ સાથોસાથ એમ પણ થયું કે આ પણ પ્રભુકૃપા છે ને ! કશાય વિચાર-ધ્યેય મંથન-પ્રયત્ન વગર 'એણે' મને આ રસપાન કરાવ્યું ને ! રહ્યું ત્યાં કોઈ સ્થળનું બંધન કે કોઈ પવિત્ર ભૂમિ કે મંદિરનું જ વાતાવરણ ? એટલે કે આપણે જ્યારે પ્રયત્નપૂર્વક ધ્યાન કરવાનો વિચાર કરીએ એનાથી તદ્દન ઉલટી જગ્યા/છતાંય ભૂતકાળમાં માણેલી કુદરત સાથેની પળોને લીધે ગુલતાન બની જવાયું. ચાલતી ટ્રેન, આજુ બાજુ સુતેલી સ્ત્રીઓ – બાજુમાં અજંપો વેઠતી મિત્ર, માછલીઓની વાસ (સામાન્ય રીતે રોજ તો આ વાસથી માથું ફરી જતું હોય) અને છતાંય હું ત્યાં હોવા છતાં ત્યાં ન હતી, અદ્ભુત નીરવ શાંતિનું પાન મને થયું. ખૂબ ખૂબ આત્મીય લાગી આ રવમાં, અંતરમાં ગોપિત થઈને જાગ્રત થયેલી નીરવતાની અનુભૂતિ.

ઉતરવાના સ્ટેશને ગાડી ઊભી રહી અને સામેથી એક ફૂલવાળી ફૂલોનો ટોપલો લઈને ડબ્બામાં પ્રવેશી... આ ફૂલો ઉગ્યા ક્યાં અને એની સુગંધ ક્યાં ક્યાં ?

**વલોણું :** આ અનુભૂતિને અભિવ્યક્ત કરતાં કરતાં પવનાર આશ્રમથી આવેલ ઉષાબેન વોરાનાં પત્રની પંક્તિઓ યાદ આવી ગઈ : *ચિત્રકારની પીંછીમાં / કવિની કલમમાં / સંગીતજ્ઞની સિતારમાં તું ક્યારેક ઝળકી ઊઠે છે. / સંધ્યાના રંગોમાં / આકાશની નિ:શબ્દતામાં / નદીના ખળખળ વહેતાં નીરમાં / તું અધિક મુખરિત બને છે. / પરંતુ હૃદય ગુફાની શાંત સમાધિમાં / તારું જે સ્વરૂપ પ્રકટે છે,/ તેને કોણ આલેખે,/ કોણ વર્ણવે,/ કોણ આલાપે ?...*

– (લેખિકાના પુસ્તક ''રવમાં નીરવતા''માંથી સાભાર)

**મારું સ્વગત સ્વમાં જ સ્થગિત થઈ ગયું,**
**અહો ન્હોતી ખબર કે મૂળને ઝકઝોરવું પડે !**

# સંતાનના મુશ્કેલીના ગોવર્ધનને આધાર આપે છે 'માતાની આંગળી'

જે અમર રચનાને છાપેલું પાનું નહીં, કંઠ ગાય છે. જેની પ્રત્યેક પંક્તિ, જેની પ્રત્યેક કલ્પના, જેના પ્રત્યેક શબ્દો જનનીની મૂર્તિ ઘડે છે. એનું નામ બોટાદકરની 'જનની' કવિતા. જે કવિતા એક ગરબા કે ગેયકૃતિ તરીકે જ નહીં, દરેક માણસના હૃદયમાં માતાની અજરઅમર પ્રતિમા સર્જે છે. એનું નામ 'જનની' રચના. જેને ગાતાં મોઢું ભરાય અને આંખો વરસે એનું નામ 'જનની' કવિતા. નારી શક્તિને અમીટ અંજલિ અહીં અપાઈ છે. સદીઓ વીતતી જાય છે પણ 'જનની' ને કાળનો પ્રવાહ જૂનો નથી કરી શકવાનો. મા નિત્ય છે. દેહની મર્યાદા એને નડે એ પહેલાં જ એ દરેક સંતાનના હૃદયમાં પોતાનું સ્થાન લઈ ચૂકી હોય છે. કોઈ લાગણીવેડા કે ભાવનાના અતિરેકમાં આવીને આ કૃતિ નથી રચાઈ. એ તો અમૃત કટોરીમાં સુધા ઘૂંટાય એ રીતે એક એક શબ્દોથી ઘૂંટાઈ છે.

કવિતાના આકાશને કયા રંગે રંગવું એ માટે દરેક કવિ સ્વતંત્ર છે.

'મા'ની જેમ સાત સૂરો પણ એકાક્ષરી છે. બંનેનું કામ સર્જનનું છે, જીવન સંગીતની કલાત્મક ગોઠવણી થાય તો જ એમાંથી અવનવા આનંદ રાગ જન્મે. 'મા' આવો જ, આપણા જીવનનો મંજુલ, ઋજુ અવિષ્કાર છે. જે કવિ અને આપણી વચ્ચે લગભગ સદીથી પણ વધુ અંતર છે. એમની સાથે ભાષાના, સૌન્દર્યના અટપટા પ્રશ્નો આપણે છેડવા નથી.

આ કવિતાએ આપણા કંઠમાં માળો બાંધ્યો છે. એટલું જ પૂરતું છે, માતાનું સંતાન સાથેનું માર્દવભર્યું સાયુજ્ય આ ગેયકૃતિની એક એક કલ્પનામાં સમાયું છે. પંક્તિએ પંક્તિએ જાણે માના હૂંફાળા ખોળામાં બેઠા હોઈએ એવી અનુભૂતિ થાય છે. માનો પરિચય શબ્દના સ્પર્શથી મળે છે.

સાઠી વટાવી ચૂકેલો વૃદ્ધ પાછો પોતાના શૈશવમાં માની સ્મૃતિથી જઈ શકે છે. એને ત્યાં જવા માટે વયનો, જ્ઞાનનો, અધિકારનો કોઈ અવરોધ નડતો નથી. બધા અંચળાથી મુક્ત થતો એ પહોંચી જાય છે માના ખોળામાં. માતાને અંજલિ આપતાં કાવ્યોમાં કવિ – કવયિત્રીનો ભેદ આપણે રાખ્યો નથી. છતાં કહી શકાય કે માતાને યાદ કરતાં સંવેદનાસભર રચનાઓ આપનાર કવિઓની સંખ્યા પણ આંગળીને વેઢે ગણાય એટલી સીમિત નથી રહી. કારણ માતાએ જ પોતાના સંતાનને હૂંફ આપતાં આવો ભેદ રાખ્યો નથી.

એના માધુર્યની તુલના કોની સાથે કરાય! એ 'માત મોરી છે.' એટલું મમત્વ જ કવિતાને નિરાળું સ્થાન આપે છે. માનું માધુર્ય અજોડ છે. જનની અજોડ છે– પહેલી પંક્તિથી જ એને લૌકિક રંગોથી જુદી રાખી છે. પ્રભુને જો પ્રેમ કરવો હોય તો પણ 'મા'નું દૃષ્ટાંત છે અને પ્રભુના પ્રેમને પારખવો હોય તો પણ આ પ્રેમની પૂતળીની જ લીલા

## જનની

મીઠા મધુ ને મીઠા મોરલા રે લોલ
એથી મીઠી કે મોરી માત રે
જનનનીની જોડ સખી ! નહીં જડે રે લોલ.
પ્રભુના એ પ્રેમતણી પૂતળી રે લોલ,
જગથી જૂદેરી એની જાત રે... જનનીની
અમીની ભરેલ એની આંખડી રે લોલ,
વ્હાલનાં ભરેલાં એના વેણ રે... જનનીની
હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે... જનનીની
દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ,
શશીએ સિંચેલ એની સોડ્ય રે... જનનીની
જગનો આધાર એની આંગળી રે લોલ,
કાળજામાં કૈંક ભર્યા કોડ રે... જનનીની
ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે... જનનીની
મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ,
લેતા ખૂટે ન એની લહાણ રે... જનનીની
ધરતી માતા એ હશે ધ્રૂજતી રે લોલ,
અચળા અચૂક એક માય રે... જનનીની
ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે... જનનીની
વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ,
માડીનો મેઘ બારેમાસ રે... જનનીની
ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહીં આથમે ઉજાસ રે
જનનીની જોડ સખી ! નહીં જડે રે લોલ.

**– દામોદર ખુશાલદાસ બોટાદકર**

**એકાદ શ્વાસ આપવો જો હોય કોઈને**
**આકાશ આખેઆખું અહીં વ્હોરવું પડે !**
**'વ્યક્તની સ્વીકૃતિ' : રાજેન્દ્ર શુક્લ**

પામવાનો પ્રયત્ન કરવો પડે.

સમગ્ર રચનામાં માતામાં રહેલું અમૃત જેવું રસતત્ત્વ આપણને સ્પર્શે છે. પ્રેમ, વહાલ શબ્દો તે બે કિનારા વચ્ચે આવ-જા કરતા લાગે છે. મા એ આપણી જ મા છે. માટે વધુ વહાલી છે. એના મીઠા બોલ, આજે પણ હૈયામાં પડઘાય છે. દેવો પાસે અમરત્વ છે પણ મા નથી. તેથી જ માના અમૃત સમા દૂધ પીવાં દેવોને પણ અવતાર લઈ જગતમાં આવવું પડે છે. હાથ હીરના ગૂંથેલ છે કારણ એ કર્મરત છે. પણ એવું હૈયું હેમંતની માથે ભરેલી હેલ જેવુ શીતળ છે પણ જો એના હૈયાને હેમ જેવું કહીએ તો પણ એ સંતાનોના શ્રેયથી જ ઉજળું છે.

માતાની આંગળી સંતાનને આધાર આપે પણ અહીં તો શક્તિનો આધાર સમગ્ર જગતને મળે છે. સંતાનના જગતને, એની મુશ્કેલીના ગોવર્ધનને આધાર આપનારી માતાની આંગળી છે. એની શાતાકારી સોડ જે સંતાનને મળે છે એની સામે ચંદ્રની શીતળતા પણ ફિક્કી છે.

સંતાનના શ્રેય ખાતર એનું ચિત્ત ચાકડાની જેમ ઘૂમતું છે, ચિંતિત છે. સંતાનને નિહાળતી એની વત્સલદૃષ્ટિ પાસે ભાષા પણ મૂંગી થઈ જાય છે. એના આશીર્વાદ શબ્દોમાં વાચાળ ન બને છતાં એ અક્ષયપાત્ર જેવા છે. વીરડા જેવા છે. જેટલું અમૃત ઉલેચો એટલા જ ભરાઈ જાય છે. માતાને વાણી વિલાસની જરૂર નથી. જેમ જેમ ગીતરચના ગરબાની જેમ ઘૂમતી જાય છે તેમ તેમ ભાવની પરાકાષ્ઠા સુધી આપણે પહોંચીએ છીએ. ધરિત્રી કરતાં પણ અચળ સ્નેહ જનની પાસે છે. કારણ એ ક્યારેય અસ્તિત્વને કંપાવતી નતી. એની સ્થિરતા ભૂમિ કરતાં પણ વધુ છે.

નદીમાં જુવાળ આવશે. નીર વધઘટ થશે પણ માતાનો પ્રેમપ્રવાહ સભર છે. જેમ ધરતી, જેમ નદી તેમ આકાશનું વાદળ એ બધામાં શક્તિનો પ્રવાહ અમોઘ નથી. એ તો જનની તારામાં જે છે. પિતાને તમે કહીએ પણ માતાને તો 'તું' જ કહેવાય. બહાર જતું સંતાન જ્યાં સુધી ઘરે પાછું ન ફરે ત્યાં સુધી બારીમાં પ્રતિક્ષા કરતી રહે એનું નામ માતા. મા સંતાનની વાટ જુએ છે. એનો સ્નેહ સંતાનને માર્ગ દેખાડતી દીવડી જેવો છે. ચંદ્ર સુદ પક્ષ – વદ પક્ષમાં વધતો ઓછો થયા કરે પણ માતાનું વાત્સલ્ય ક્યારેય ન આથમતી પૂર્ણિમા જેવું છે. પિતા ઉંબરો છે પણ માતા વહાલભર્યું આંગણું છે.

કવિ દામોદર ખુશાલદાસ બોટાદકર (૧૮૭૦ – ૧૯૨૪) ગૃહજીવનની અને ખાસ કરીને આનંદસભર ગૃહજીવનની અનેક ક્ષણો એમણે કવિતામાં સાકાર કરી. એમના પાંચ કાવ્યસંગ્રહમાં કવિએ પોતાની આસપાસના માનવમાંથી પણ શુભતત્ત્વ તારવવાનો પ્રયત્ન કર્યો છે. નારીની એ સમયની ગૃહપ્રીતિ, ત્યાગ અને સમર્પણની ભાવના એમની રચનાઓમાં પ્રતિબિંબિત થઈ છે. મધુર લોકબોલીનો પ્રયોગ જોવા મળતો હોય એવી અનેક કવિતાઓ એમણે આપી છે. અહીં 'જનની' દ્વારા સ્ત્રીશક્તિની, એની દીપ્તિની અજોડ અંજલિ છે. જે જન્મ આપનારી જનની છે, એની જોડી ક્યાંય નથી મળવાની. આ રચના કોઈ પણ પ્રકારના પૃથકકરણથી નિરાળી છે. સંવેદનાઓ જ એને કેડીથી રાજ માર્ગ સુધી લઈ જાય છે.

**– નલિની માડગાંવકર,** મુંબઈ સમાચારમાંથી સાભાર

---

**બરસન લાગી બુંદરિયા** – પાના નં. ૨૨થી ચાલુ

વરસાદને ગાયો છે. તેમની કલ્પનાઓ પણ માણવા જેવી છે. વરસાદ કહે છે, 'હું છું દરિયાનો નિશ્વાસ, ખેતરનું સ્મિત અને સ્વર્ગનું આંસુ. મને જન્મ આપનાર ગરમીને હું હણું છું. મારી ભીનાશ સૌને સ્પર્શે છે પણ કોઈ કોઈ જ તેને ઉકેલી શકે છે. તરસતાં ફૂલોને, સળગતાં વૃક્ષોને ભેટવાની લાખો નાની રીતો છે મારી પાસે. ગડગડાટ મારા આગમનની અને મેઘધનુષ મારી વિદાયની ઘોષણા છે. માટીમાંથી જન્મતા અને આકાશમાં વિલીન થતા જીવનનું હું પ્રતીક છું. વાદળ અને વૃક્ષ વચ્ચેનો સંદેશવાહક હું છું. એકની તરસ છીપાવું છું અને બીજાનો થાક હણું છું. હું ઝુકું છું ત્યારે જીવન ટટ્ટાર ઊભું થાય છે.'

વર્ષાની વાત થાય અને મીરાબાઈ યાદ ન આવે તેમ બને? તેમનું સુંદર પદ છે, 'બાદલ દેખ ડરી, હાં શ્યામ બાદલ દેખ ડરી, કાલીપીલી ઘટા ઉમડી બરસે એક ઘરી, જિત જાઉં તિત પાની પાની હુઈ સબ ભોમ હરી, જા કે પિયા પરદેસ બસત હૈ ભીંજે બાહર ખડી, મીરાં કે પ્રભુ ગિરધર નાગર કીજે પ્રીત ખરી' મીરાનું પદ સાંભળીએ ત્યારે વરસાદ અને તરસના અર્થ સામટા સમજાય : બરસન લાગી બુંદરિયા, ગરજત ઘન અતિ ઘોર ઘોર પ્યારે....

**– સોનલ પરીખ,** 'જન્મભૂમિ'માંથી સાભાર

**એકની તરસ છીપાવું છું અને બીજાનો થાકહણું છું**
**હું ઝુકું છું ત્યારે જીવન ટટ્ટાર ઊભું થાય છે**
**– વરસાદની વાત**

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ - ગાંધીધામ

શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ - ગાંધીધામની વાર્ષિક સભામાં નીચે મુજબના કારોબારી સભ્યો (હોદેદારો)ની નિયુક્તિ કરવામાં આવેલ.

(૧) પ્રમુખ - હાર્દિક જયંતીલાલ નાગડા (૨) ઉપ પ્રમુખ - હિમાંશુ હરીશ લાલકા (૩) ઉપ પ્રમખ - દીપેન મધુકાંત લોડાયા (૪) મંત્રી - મયુર ગુલાબ ધરમશી (૫) સહ મંત્રી - સાગર દિલીપ મોમાયા (૬) ખજાનચી - ભાવિક શાંતિલાલ નાગડા (૭) સહ ખજાનચી - નીરવ મહેશ લાલકા.

કારોબારી સભ્ય : (૧) દિલીપ દામજી મોતા (૨) દીપેશ દીપક ખોના (૩) વિશાલ સુનીલ લોડાયા (૪) સાગર મનોજ લોડાયા તથા સલાકાર (૧) જેસલ ચંદ્રકાંત દંડ અને મુકેશ હીરાચંદ દંડને તરીકે ચુંટવામાં આવેલ હતા.

## વાછરા દાદા

વાછરા દાદાના નવનિર્મિત મંદિરની ખંનન વિધિ તા. ૧૭-૦૭-૨૦૧૬ રવિવારના સવારના શુભ મુહૂર્તે કરવામાં આવેલ. આ પ્રસંગે પાટલા પૂજન, નવગ્રહ પૂજન, સ્નાત્ર પૂજા ભણાવામાં આવેલ. વિધિ વિધાન સાથે ખંનન વિધિ કરવામાં આવેલ. વિધિ વિધાન માટે કેવલ સાવલા પધારેલ. ગામવાસીઓ, નિયાણી બહેનો મુંબઈથી સગા સંબંધીઓ ગ્રુપના ભાઈ-બહેનો પધારેલ. વાછરા દાદાના મંદિર માટેની જગ્યા વાલજી ગોવિંદજી ખોનાની જગ્યા - દિનેશ રામજી લોડાયા લીધેલ, દિનેશ રામજી લોડાયા પાસેથી શ્રી ઠાકરશી લાલજી પટેલે લીધેલ તે જગ્યા ઉપર દાદા શ્રી નું ભવ્ય મંદિર બનાવવામાં આવશે.

## ગાંધીધામમાં મહાકાળી ભાવના

ગાંધીધામ મધ્યે શ્રી સાર્થક મંડળ દ્વારા તા. ૧૬-૦૭-૨૦૧૬ શનિવારના રોજ મહાકાળી માતાજીની ભાવના તથા દાંડિયા રાસનું આયોજન કરવામાં આવેલ.

કચ્છના પ્રખ્યાત ગાયક શ્રી ઈરફાન મીર તથા શ્રીમતી સાઈદા મીરે માતાજીની ભાવના તથા દાંડિયા રાસમાં રમઝટ જમાવેલ.

કાર્યક્રમમાં બૃહદ ગાંધીધામમાં વસતા જ્ઞાતિજનોએ ભાગ લઈ ભાવના તથા દાંડિયા રાસની મજા માણેલ.

કાર્યક્રમને સફળ બનાવવા મંડળના શ્રી હાર્દિકભાઈ, શ્રી મયુરભાઈ, શ્રી દીપેનભાઈ, શ્રી હિમાંશુભાઈ, શ્રી વિશાલભાઈ, શ્રી નીરવભાઈ, શ્રી સાગરભાઈ, શ્રી દીપેશભાઈ, શ્રી ભાવિકભાઈ, શ્રી દિલીપભાઈ તથા મંડળના દરેક સભ્યો એ મહેનત કરેલ.

## ભાવનગર કચ્છ સમાજ અષાઢી બીજની ઉજવણી

ભાવનગર કચ્છ સમાજના પરિવારજનોએ દ્વારા તા. ૬-૭-૨૦૧૬ના સાંજે એન્કરવાલા સંકુલ, કચ્છીભુવન સમાજવાડી ખાતે શ્રી જગશી જેઠાબાઈ કચ્છ લાયજા વાળા સભાગૃહમાં અષાઢી બીજ ઉજવણી આનંદભેર કરવામાં આવી. જેમાં ભાવનાર પંથકના ૪૦૦ કચ્છીઓ સહભાગી થયા હતો.

સરસ્વતી સન્માન કાર્યક્રમ અંતર્ગત ઈનામો આપવામાં આવ્યા હતા જેમાં બાલમંદિરથી કોલેજ કક્ષાના ૯૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો.

## નલીયા મહાજને 'યુવાન' નામે યુવા પાંખ શરૂ કરી

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજને યુવાનોને સમાજ ઉત્કર્ષ માટે પ્રવૃત કરવા ''યંગ યુનાઈટેડ વિશનરી એસોસીએશન ઓફ નલીયા'' નામની યુવા પાંખ શુરૂ કરી છે. જે ટુંકમાં તેના નામના અંગ્રેજી શબ્દોના પહેલા અક્ષરના આધારે યુવાન તરીકે ઓળખાશે. નલીયાવાસી પરિવારો તથા નલીયાની નિયાણીઓના પરિવારોના ૧૫ થી ૪૦ વર્ષની વ્યક્તિ આ સંગઠનની સભ્ય થઈ શકશે.

સંગઠનનો પ્રથમ કાર્યક્રમ ભાંડુપ એલ.બી.એસ. માર્ગ પરના બેંક્વેટ હૉલ ખાતે શનિવારના તા. ૬.૮.૨૦૧૬ના ૬.૩૦ કલાકે ઈગનાઈટ નામે કાર્યક્રમ રાખેલ છે.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


ઓલ ઈંડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સની પરીક્ષામાં બેસનારા પોણાબે લાખથી વધુ વિદ્યાર્થીઓમાં ૧૪૪મો ક્રમ મેળવવા માટે તથા આ પ્રતિષ્ઠિત મેડીકલ કૉલેજમાં પ્રવેશ મેળવવા માટે ખંડવાની સાક્ષી મનિષ મોમાયાને અભિનંદન.

- ચીમન મોતા તન-મન પરિવાર


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૩-૧૬ | અમદાવાદ | પહેલ, અપેક્ષા તેજસ પ્રવીણચંદ લોડાયા | નલિયા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૭-૧૬ | કોચી | વિક્રમ જયંત જીવરાજ લોડાયા | નલિયા | ૩૨ |
| | બાગલકોટ | પાયલ સુરેશ શામજી ધરમશી | સુથરી | ૩૧ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૭-૧૬ | યુએસએ | રાહેન પ્રાગજીભાઈ કકાડીયા (ભુલ સુધાર) | અમરેલી | ૨૯ |
| | મુલુંડ | પ્રિયંકા ચન્દ્રસેન શામજી દંડ | સુથરી | ૨૬ |
| ૧૭-૦૭-૧૬ | બેંગલોર | વરૂણ વિક્રમ રાવ | બેંગલોર | ૨૬ |
| | હુબલી | પલ્લવી ભરત વિસનજી મોમાયા | વરાડીયા | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૭-૧૬ | વડોદરા | અક્ષય તિલકચંદ ચીમનલાલ ડાઘા | વરાડીયા | ૨૯ |
| | હુબલી | પ્રિયંકા ભરત વિસનજી મોમાયા | વરાડીયા | ૨૬ |
| ૧૦-૦૭-૧૬ | ચાલીસગાંવ | હેમંત કુલીનકાંત લોડાયા | વારાપધર | ૨૮ |
| | નીમચ | મિનલ ઉમેશચંદ લાલકા | પરજાઉ | ૨૪ |
| ૨૨-૦૭-૧૬ | અંકલેશ્વર | આશીષ રમેશ શામજી લોડાયા | તેરા | ૨૭ |
| | અંકલેશ્વર | ચિત્રાલી વસંત શાહ | અંકલેશ્વર | ૨૨ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૦૭-૧૬ | યુએસએ | રાહેન પ્રાગજીભાઈ કકાડીયા (ભુલ સુધાર) | અમરેલી | ૨૯ |
| | મુલુંડ | પ્રિયંકા ચન્દ્રસેન શામજી દંડ | સુથરી | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૭-૧૬ | ઈંદોર | પ્રેમજી ભીંયસી લાલકા | લાલા | ૯૭ |
| ૨૯-૦૭-૧૬ | ડોમ્બીવલી | ધનેશ ચાંપસી દંડ | સાંધવ | ૬૧ |
| ૩૦-૦૭-૧૬ | હુબલી | જમકુબાઈ નવીનચંદ્ર લાલકા | - | ૭૮ |
| ૩૦-૦૭-૧૬ | ખામગામ | લહેરચંદ જેઠાભાઈ લોડાયા | સાંધવ | ૭૧ |

**સંસ્થા સમાચાર મોકલનારાઓ ધ્યાન રાખો : સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવાની સૂચના આપ્યા છતાં ઘણા બહૂજ લાંબી વિગતોવાળા સમાચાર મોકલે છે, પ્રકાશ સમીક્ષાની દાયકાઓની પ્રણાલિકા પ્રમાણે વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. ઉપરોક્ત વિગતો પ્રગટ કરવા તે માટેનું યોગ્ય માધ્યમ જાહેરાત છે સમાચાર વિભાગ નહીં. વળી કાર્યક્રમની શરૂઆતમાં નવકાર મંત્ર પઠન થયું, પ્રાર્થના થઈ, નૃત્ય રજુ થયું કે કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, કયા કાર્યક્રમમાં શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો નાસ્તો કે જમણ લઈને છૂટા પડ્યા, કયા કયા મહાનુભાવો પધારીને પ્રસંગની શોભા વધારી એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ







## સ્વ. શ્રી પ્રેમચંદ મુલજી સોનાવાલા

(ગામ : કચ્છ - નલીયા - હાલ : માટુંગા - મુંબઈ)
અરિહંત શરણ : તા. ૦૨/૦૮/૨૦૧૫

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે,
મૃત્યુ પામે છે માનવી પોતે, પણ તેમના સત્કર્મો જીવે છે...

આપ જીવંત હતા દેહસ્વરૂપે, આપ જીવંત છો ભાવસ્વરૂપે,
આપ જીવંત રહેશો આત્મસ્વરૂપે...

આપનો આત્મા ચિરઃશાંતિ પામો એજ અભ્યર્થના
આપની સ્મૃતિ જેમના હૈયે હરપળઃ



**સ્વ. અ.સૌ. ભારતીબેન, અ.સૌ. જયાબેન**
**શ્રી રીતેન પ્રેમચંદ સોનાવાલા પરિવાર વતી**
**અ.સૌ. હર્ષા, અ.સૌ. હર્ષિતા અને ચિ. ભાવિન**
**શ્રીમતી નીરલબેન પ્રદીપ ખોના પરિવાર (U.S.A.) વતી**
**શ્રી પ્રદીપભાઈ, ચિ. વિનય અને ચિ. નેહા**



-: શોકાતુર :-

**શ્રી મુલજી શામજી સોનાવાલા પરિવાર**

**શ્રી સોમચંદ હંસરાજ ખોના પરિવાર**
**શ્રી વીરચંદ લાલજી ખોના પરિવાર**
**શ્રી મણિકાંત મેઘજી મોમાયા પરિવાર**
**શ્રી ચાંપશી લધાભાઈ લાપશીયા પરિવાર**
**શ્રી પદમશી હીરજી છેડા પરિવાર**
**શ્રી રાયચંદ ઠાકરશી નાગડા પરિવાર**

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001




## લોડાયા તથા ખોના પરિવારનું ગૌરવ





અભિનંદન

**કુ. રૂતુજા મહેન્દ્ર (લોડાયા) શાહ**

બીડ (મોટી સિંધોડી) - તા. ૨૦-૧૨-૧૯૯૨

**કુ. રૂતુજા Bachelor of Law (L.L.B.)**
દ્વિતીય શ્રેણીમાં મુંબઈ યુનિર્વસિટી થી પાસ થયેલ છે.
તે બદલ અમે ગર્વ અનુભવીએ છીએ.
**કુ. રૂતુજા** આમ જ ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે અને
કારકિર્દીના શિખેરે પહોંચે એજ અંતરની અભિલાષા !

શુભેચ્છકો

માતા-પિતા : અ.સૌ. રૂપાલી મહેન્દ્ર લોડાયા (બીડ)
દાદી-દાદા : માતુશ્રી સ્વ. ચંદનબેન જીવરાજ લોડાયા
નાની-નાના : માતુશ્રી સ્વ. જયાબેન શાંતિલાલ ખોના
માતુશ્રી દમયંતીબેન હિરાચંદ ખોના (નેરૂલ)

## દંડ તથા નાગડા પરિવારનું ગૌરવ







**ચિ. ઈશા રાજુ દંડ**

**CBSE - S.S.C. - 10 CGPA Grade 93.6%**
સાથે ઉતિર્ણ થવા બદલ **હાર્દિક અભિનંદન.**
અમારી લાડલી ઈશા આમજ ઉતરોત્તર પ્રગતિ કરતી રહે
અને બન્ને કુળનું નામ રોશન કરે...
એજ અમારી શુભેચ્છા તથા આશિષ !

શુભાશિષ

દાદાણાં : મધુ પ્રવીણ વીરજી દંડ (સેવક ભરૂડિયા - મુલુંડ)
માતા-પિતા : અલ્કા રાજુ દંડ (સેવક ભરૂડિયા - મુલુંડ)
કાકા-કાકી : જૈનમ ચેતન દંડ (સેવક ભરૂડિયા - મુલુંડ)
નાનાણાં : દિવ્યા વિશનજી નાગડા (સેવક ભરૂડિયા - ડોંબિવલી)

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,